Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

૪૧૫



# પાવનકારી ૮૯ મી જન્મજયંતી પ્રસંગે

## પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૫ વર્ષ પહેલાંના હૃદયોદ્‌ગારમાથી ચૂંટેલાં

# ૮૯ ભક્તિ પુષ્પો




અહો! પૂજ્ય ગુરુદેવની જન્મજયંતી જેવા મંગલમય પ્રસંગે અનેકવિધ ઉર્મિઓથી ઉછળતા હૃદયમાં એમ થાય છે કે કઈ વિધ આ ઉત્સવ ઉજવીએ? ને કયા કયા પ્રકારે ગુરુદેવશ્રીનું સન્માન કરીએ? – સોનાથી વધાવીએ? હીરાથી વધાવીએ? કે માણેક મોતીથી વધાવીએ? –પરંતુ તોપણ ગુરુ મહિમા પૂરો થાય તેમ નથી. તેથી એ હીરા માણેક ન મોતીથી પણ વિશેષ એવા ચૈતન્યામૃતના તેજથી ઝબકતા રત્નો કે જે ગુરુદેવે જ આપણને કૃપા મરીને આપ્યા છે ને જેના પ્રકાશથી જાગતો જીવ ઊભો દેખાય એવા "૮૯" અણમૂલાં રત્નોની માળા ગૂંથીને પૂજ્ય ગુરુદેવના જન્મ મહોત્સવ પ્રસંગે અર્પણ કરતાં હૃદય ભક્તિથી ગદ્‌ગદ્ થઈ આનંદિત થાય છે.

૧. સંતો કહે છે કે અમે અમારા સ્વઘરમાં આવ્યા, હવે અનુકૂળતાના બરફમાં અમે ઓગળી જવાના નથી અને પ્રતિકૂળતાની અગ્નિમાં બળવાના નથી. અમારો જ્ઞાન વિલાસ પ્રગટયો છે એમાં અમે પોઢયા તે પોઢયા, હવે અમને ઉઠાડવા કોઈ સમર્થ નથી.

[ અનુસંધાન પૃષ્ઠ ૩ ૫૨ ]

# મીઠાં લાગે છે ગુરુ-જન્મ વધામણાં

વૈશાખ સુદ બીજ એટલે આપણા ગુરુદેવની જન્મજયંતીનો ઉત્તમ દિવસ. ભારતભરના મુમુક્ષુઓ આજનો દિવસ આનંદથી ઉજવે છે. અહા! જે કહાનગુરુદેવે જિનમાર્ગનું રહસ્ય બતાવીને આપણને સાચા જૈન બનાવ્યા, અરિહંતોનું અને સંતોનું અધ્યાત્મ જીવન કેવું હોય તે સમજાવીને જેમણે આપણને અધ્યાત્મ જીવન જીવતાં શીખવ્યું, મોક્ષની સાધના આનંદમય છે એમ દેખાડી જેમણે આપણને દુઃખ અને ક્લેશના માર્ગથી છોડાવ્યા ને આનંદના માર્ગમાં વાળ્યા, આત્માની આરાધના એ જ આ મનુષ્યજીવનનું સાચું ધ્યેય છે–એમ બતાવીને જેમણે જીવનના ધ્યેય તરફ વારંવાર આપણને પ્રોત્સાહીત કર્યાં, જમણે અત્યંત કરુણા કરી વાત્સલ્યપૂર્વક આપણને નિરંતર શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ આપીને અચિંત્ય આત્મવૈભવ દેખાડયો અને જેમનું ભૂત–ભવિષ્યનું જીવન આપણને તીર્થંકર ભગવંતો પ્રત્યે પરમ ભક્તિ જગાડે છે એવા આ આપણા આત્મદાતા–આત્મરક્ષક પરમ પૂજ્ય ગુરુદેવનો જન્મોત્સવ ઉજવતાં આત્મા ઉલ્લસિત થાય છે.

હે ગુરુદેવ! આજના મંગલમય દિનના મંગળ પ્રભાતે લાખ લાખ અભિનંદનપૂર્વક ભારતના ભક્તો આપને ભક્તિથી વંદન કરે છે. મુમુક્ષુઓના જીવનમાં આપનો પરમ ઉપકાર છે. જૈન જગતના આપ તેજસ્વી ભાનુ છો. “જ્ઞાન કિરણોના પ્રકાશવડે આપ મોક્ષમાર્ગને પ્રકાશિત કરી રહ્યા છો.” જે માર્ગને જાણતાં અને આરાધતાં આત્મા ભવબંધનથી છૂટે ને મોક્ષસુખને પ્રાપ્ત કરે–એવા માર્ગપ્રકાશક, ભક્તોના આત્મઆધાર હે ગુરુદેવ! આપ યુગ યુગ જીવો ને અમ બાળકોના અંતઃકરણને અજવાળ્યા કરો –એવી ભાવના સાથે અમે ભારતના સમસ્ત મુમુક્ષુઓ આપશ્રીને ભક્તિભાવે અભિનંદિએ છીએ.

**- સકલ મુમુક્ષુ સમાજ**

## અધ્યાત્મયુગ પ્રવર્તક, વીતરાગમાર્ગના જ્યોતિર્ધર, કલ્યાણમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે સાદર-સમર્પિત

# * શ્રદ્ધા-સુમન *

અહો વિધાતા! તેં આવા દિવ્ય-કલ્યાણકારી મહાપુરુષની ભારતને ભેટ આપી જગતના જીવો પર મહાન ઉપકાર કરી તારું વિધાતાપણું સાર્થક કર્યું છે. ભારતના આંગણે ઉમરાળા ગામે કહાનગુરુની મંગલ જન્મ-વધાઈ દ્વારા ભારતના ભાગ્યોદયને ગૌરવવંતુ બનાવ્યું છે. જિનશાસનને પ્રાણવંતુ બનાવ્યું છે. જિનેન્દ્રો, મુનિન્દ્રો તથા જ્ઞાનીઓના જ્ઞાનસરિતામાં વહેતાં જ્ઞાનાનંદામૃતના ધોરિયાનું ભવ્યોને પાન કરાવીને, અમર થવાના પંથે દોરીને સનાથ બનાવ્યા છે.

હે નાથ! ચૈતન્યજીવનનો રાહ બતાવી આપે જ અમ પામર જીવોને સજીવન કર્યા છે. શ્રી સમયસાર આદિ મહાન શાસ્ત્રોનું અપૂર્વ શ્રવણ કરાવી અમારા શ્રોત્રની સફળતા કરાવી છે. અજ્ઞાન અંધકારને ભેદવાનો માર્ગ બતાવી અમને નેત્ર આપ્યા છે. હિતાહિતનો વિવેક કરાવી અમને મન આપ્યું છે. ખરેખર અમારા જીવનના આપ જ ઘડવૈયા છો.

અહો ગુરુદેવ! સંસારરૂપી મધદરિયામાં ડૂબકી ખાતાં અમ દુઃખી જીવોને આપે ચૈતન્યજહાજનું શરણ આપીને બચાવ્યા છે. ધર્મસાધનાની ખરી મોસમરૂપ જે આ માનવપર્યાય તેમાં જો આપનું શરણ ન મળ્યું હોત, તો આત્માશ્રિત માર્ગના લક્ષ વિના અમે કોના આધારે જીવન જીવત!

અહો ગુરુદેવ! આપના મુખકમળમાંથી ઝરતી વાણીની શી વાત! તે એવી અનુપમ-રસભરી છે કે તે દિવ્ય અમૃતનું પાન કરતાં તૃપ્તિ થતી નથી. આપની સૂક્ષ્મવાણી, ચમત્કાર ભરેલી વાણી ભવનો અંત લાવનારી છે. આપ ભારતના ભાનુ છો, આપ જેવા દિવ્ય પુરુષના અવતારથી ભરતક્ષેત્ર ભાગ્યશાળી બન્યું છે. હે ગુરુદેવ! આપ 'યુગ યુગ જીવો' એવી મંગલ કામના સાથે ભક્તિભાવે આપના ચરણકમળમાં કોટી-કોટી વંદન હો.

હે કરુણાસાગર ગુરુદેવ! આપની આ કલ્યાણકારી ૮૯ મી જન્મજયંતી પ્રસંગે આપશ્રીના ચરણોમાં શ્રદ્ધા-સુમન સમર્ચન કરીએ છીએ.

—શ્રી ઘાટકોપર દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળ (મુંબઈ) અંતર્ગત,
પૂજ્ય શ્રી કાનજીસ્વામી ૮૯મી જન્મજયંતી
મહોત્સવ સમિતિ.

[ ભક્તિ પુષ્પો............ ટાઈટલ બે થી ચાલુ ]

૨. અનુભવની શોભા ખરેખર આત્મદ્રવ્યને લઈને છે. આત્મદ્રવ્ય કુટસ્થ હોવાથી જોકે અનુભવમાં આવતું નથી, અનુભવ તો પર્યાયનો જ થાય છે, પરંતુ પર્યાયે દ્રવ્યને સ્વીકાર્યું એ પર્યાયની શોભા આત્મદ્રવ્યને લઈને જ છે.

૩. સમયસાર એટલે સર્વજ્ઞની દિવ્યધ્વનિનું વર્તમાન પૂરું રૂપ. બાર અંગ અને ચૌદ પૂર્વનું દોહન સમયસાર છે અને આખા સમયસારનું દોહન ૪૭ શક્તિઓ છે. શક્તિઓનું વર્ણન કરીને આત્માનું પરમાત્મપણું ખોલી નાખ્યું છે. આ શક્તિઓના વર્ણનમાં તો કેવળીના પેટ છે. ભરતક્ષેત્રમાં અજોડ શાસ્ત્ર સમયસાર છે.

૪. ચક્રવર્તીની ખીર ચક્રવર્તી જ પચાવી શકે, વાસુદેવના કેસરીયા લાડુ વાસુદેવ જ પચાવી શકે, તેમ આત્માના અનંત-અનંત આશ્ચર્યકારી સ્વભાવના સામર્થ્યને ધર્માત્મા જ પચાવી શકે. બીજાનું કામ નહિ.

૫. અહો! હું જ તીર્થંકર છું, હું જ જિનવર છું, મારામાં જ જિનવર થવાના બીજડા પડયા છે. પરમાત્માનો એટલો ઉલ્લાસ...ઉલ્લાસ કે જાણે પરમાત્માને મળવા જતો હોય! પરમાત્મા બોલાવતા હોય કે આવો......આવો ચૈતન્યધામમાં આવો! આહાહાહા! ચૈતન્યનો એટલો આહ્લાદ અને પ્રહ્લાદ હોય. ચૈતન્યમાં એકલો આહ્લાદ જ ભર્યો છે, એનો મહિમા, મહાત્મ્ય, ઉલ્લાસ, ઉમંગ અસંખ્ય પ્રદેશે આવવો જોઈએ.

૬. અહો! સમ્યગ્દ્રષ્ટિ જીવ છ છ ખંડના રાજ્યમાં ઊભા હોય છતાં તેના જ્ઞાનમાં જરીયે મચક નથી આવતી કે આ મારા છે અને છન્નું હજાર અપ્સરા જેવી રાણીઓના વૃંદમાં ઉભા હોય છતાં જરીયે એમાં સુખબુદ્ધિ થતી નથી. અરે! કોઈ નરકની ભીષણ વેદનામાં પડયા હોય તોપણ અતીન્દ્રિય આનંદની વેદનની અધિકતા છૂટતી નથી. એ સમ્યગ્દર્શનનું શું મહાત્મ્ય છે તે જગતને બાહ્યદ્રષ્ટિથી કળવું કઠણ છે.

૭. રાગનો અને સંયોગનો અંદર નિષેધ થાય છે તે શ્રદ્ધા-જ્ઞાનનો પર્યાય છે કે નહિ? કલાક, બે કલાક, ચાર કલાક આની આ વાત રગડાય છે, ઘુંટાય છે, વાંચનમાં, શ્રવણમાં, વિચારમાં આ જ વાત આવ્યા કરે, ચોવીસે કલાક આ દેહના કામ તે મારાં નહિ, રાગના કામ તે મારાં નહિ એમ ઘુંટાયા કરે છે, એ શ્રદ્ધા-જ્ઞાનમાં કાંઈ આંતરો જ નથી પડયો? એ શું જ્ઞાનની ક્રિયા નથી? પણ બાહ્ય ક્રિયાકાંડના આગ્રહવાળાને અંતરના શ્રદ્ધાજ્ઞાનનું કાંઈ મહાત્મ્ય જ દેખાતું

નથી. અરે ભાઈ ! આ શ્રદ્ધા–જ્ઞાનનું કાર્ય અંદરમાં સમ્યક્ થતું જાય છે તે ક્રમે કરીને ફડાક વિકલ્પ તુટીને નિર્વિકલ્પ સ્વાનુભવરૂપે થઈ જશે.

૮. અહો ! ભાવલિંગી મુનિ એટલે તો ચાલતા પરમેશ્વર, જે અંદરમાં આનંદકંદને ઝુલે ઝુલતા હોય ને પંચમહાવ્રતનો રાગ ઉઠે એને ઝેર જાણતા હોય. અહો ! જેના દર્શન અહો ભાગ્યે થાય. જે આનંદની ખેડ કરી રહ્યાં છે એ ધન્યદશા અલૌકિક છે. ગણધરના નમસ્કાર જેને પહોંચે એ દશાની શું વાત !

૯. દર્શન મોહ મંદ કર્યા વિના વસ્તુસ્વભાવ ખ્યાલમાં આવે નહિ અને દર્શન મોહનો અભાવ કર્યા વિના આત્મા અનુભવમાં આવે તેવો નથી.

૧૦. એક ગામમાં દુષ્કાળ પડવાથી ગરીબ માણસો ભૂખના માર્યા રાજા પાસે ગયા, કે સાહેબ ! અમે ભૂખે મરીએ છીએ અમારી પાસે દાણાં નથી. ત્યારે રાજા કહે છે કે દાણાં ન હોય તો ખાવને ખાજા ! ત્યારે ગરીબ માણસો કહે છે કે અમારી પાસે દાણાં પણ નથી તો ખાજા તો ક્યાંથી હોય જ ! પરંતુ અહીં તો બધાંની પાસે ખાજા પડયા જ છે, નથી એમ અહીં નથી. અહીં તો ભાઈ ! તારી અંદર શક્તિમાં અતીન્દ્રિય આનંદના ખાજા અર્થાત્ ખજાના ભર્યા પડયા પડયા છે, તું નજર કર એટલી વાર છે.

૧૧. આત્માને માટે કાંઈક એની પાછળ પડવું જોઈએ, આનું આ રટણ કરવું જોઈએ. જાગતાં, ઊંઘતા એનો પ્રયત્ન જોઈએ, એની રુચિનો પ્રકાર સરખો થવો જોઈએ. અંદરમાં પરમેશ્વર કેટલો મહાન છે ! એને જોવાનું કુતુહલ જાગે ને જોયા વિના ચેન ન પડે.

૧૨. સર્વજ્ઞો, સંતો, શાસ્ત્રો, પોકાર કરીને એમ કહે છે કે પહેલામાં પહેલા આત્માને જાણવો, આત્માને અનુભવવો, એના વિના એક ડગલું પણ આગળ નહિ ચાલે. આત્માનું પરમાર્થસ્વરૂપ બતાવવા સીધી વાત કરી છે કે પહેલામાં પહેલા આત્માને જાણીને અનુભવ કર. સમયસારની ગાથા ૫ માં પણ કહ્યું કે હું કહું છું તેનો અનુભવ કરીને પ્રણામ કરજે.

૧૩. સમયસારજી પ્રથમ હાથમાં આવતાં, કુંદકુંદ આચાર્યે મહાવિદેહમાં બિરાજતાં સીમંધર ભગવાનના સાક્ષાત્ દર્શન કરી, ને અહીં આવીને આ શાસ્ત્ર રચેલ છે તેથી તેમના આગમ પરમ માન્ય છે – એ ફુટનોટ વાંચતાં જ એમ થઈ ગયું કે “ આ મારા ઘરની જ વાત છે”

૧૪. એક બાજુ આનંદધામ પ્રભુ અંદરમાં બિરાજે છે ને બીજી બાજુ બહારમાં મૃગજળ જેવા વિષયો છે–તારા હિતને વિચારી જ્યાં રુચે ત્યાં જા!

૧૫. મિથ્યાદ્રષ્ટિ દ્રવ્યલિંગી સાધુ થયો તોપણ તેને હજુ બોજો ઉતર્યો નથી અને સમ્યગ્દ્રષ્ટિને છ ખંડના રાજ્યમાં પણ બોજો નથી. રાગના એક અંશમાં લાભબુદ્ધિ છે ત્યાં આખા જગતનો બોજો પડયો છે, જરીયે બોજો ઉતર્યો નથી, અંદરમાં પ્રવેશ કરતાં બધો બોજો ઉતરી જાય છે.

૧૬. કોઈ પણ જીવ પોતાની હૈયાતી વિના, ક્રોધાદિ થવા કાળે, આ ક્રોધાદિ છે એમ જાણી શકે જ નહિ. પોતાની વિદ્યમાનતામાં જ એ ક્રોધાદિ જણાય છે. રાગાદિને જાણતાં પણ જ્ઞાન........ જ્ઞાન એમ મુખ્યપણે જણાવા છતાં જ્ઞાન તે હું એમ ન માનતાં, જ્ઞાનમાં જણાતા રાગાદિ તે હું એમ રાગમાં એકતાબુદ્ધિથી જાણે છે–માને છે, તેથી તે મિથ્યાદ્રષ્ટિ છે.

૧૭. નિમિત્તનું લક્ષ, રાગનું લક્ષ, એક સમયની પર્યાયનું લક્ષ, ગુણ ભેદનું લક્ષ એ બધુ બર્હિલક્ષ છે. વર્તમાન પર્યાય અંદરમાં વળી એટલે એ બધાનો ભૂક્કો થઈ અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે.

૧૮. અહો! મુનિદશા એટલે સાક્ષાત્ કેવળજ્ઞાનની તળેટી! આનંદના અનુભવના ઝુલે ઝુલતાં, હજારો વીંછીના કરડ થવા છતાં કે ૪૮ ગાઉના મોટા અવાજ આદિ થવા છતાં તેની જેને ખબર રહેતી નથી ને આનંદમાં ઊંડા ઉતરી ક્ષણમાં કેવળજ્ઞાન લ્યે એ અદ્ભૂત મુનિદશાની શી વાત! ધન્ય દશા છે.

૧૯. જીભ ગમે તેટલા ચીકણા પદાર્થને ગ્રહે છે તોપણ પોતે લુખી રહે છે. તેમ જ્ઞાની સંયોગોના ગંજમાં ઉભો હોય છતાં લુખો રહે છે. જેમ કમળ દિવસ રાત જળમાં રહે છે પરંતુ જળને સ્પર્શતું નથી તેમ જ્ઞાની સંયોગોની મધ્યમાં રહેવા છતાં લેપાતો નથી. સોનું કાદવમાં રહ્યાં છતાં તેને કાટ લાગતો નથી તેમ જ્ઞાની સંયોગોમાં રહ્યાં છતાં તેને પરમાં એકતાબુદ્ધિ થતી નથી.

૨૦. જેમ કોઈને એક વખત આકરી વેદના આવી ગઈ હોય અને ફરી તેવી વેદના થાય તેવું કોઈ ચિન્હ ખ્યાલમાં આવતાં પણ કંપારી છૂટે ને ત્રાસ થઈ જાય તેમ ચોરાશીના અવતારનાં દુઃખનું સ્મરણ કરતાં ત્રાસ ત્રાસ થઈ જાય.

૨૧. ભાઈ! તારા મહાત્મ્યની શી વાત! જેનું સ્મરણ થતાં જ આનંદ આવે એના અનુભવના આનંદની શી વાત! અહો! મારી તાકાત તે કેટલી? જેમાં નજરું નાખતાં નિધાન ખુલી જાય એ તે વસ્તુ કેવી? રાગને રાખવાનો તો મારો

સ્વભાવ નહિ, પણ અલ્પજ્ઞતાને પણ હું રાખી શકું નહિ. –એમ એને પ્રતીતિ આવતાં, હું સર્વજ્ઞ થઈશ ને અલ્પજ્ઞ નહિ રહી શકું એમ એને ભરોંસો આવી જાય છે.

૨૨. આ વસ્તુ પ્રયોગમાં લાવવા માટે અંદર મૂળમાંથી પુરુષાર્થનો ઉપાડ આવવો જોઈએ કે હું આવો મહાન પદાર્થ! –એમ નિરાવલંબનપણે કોઈના આધાર વિના અદ્ધરથી વિચારની ધૂન ચાલતાં ચાલતાં એવો રસ આવે કે બહારમાં આવવું ગોઠે નહિ. હજુ છે તો વિકલ્પ, પણ એમ જ લાગે કે આ...... હું...... આ...... હું...... એમ ઘોલનનું જોર ચાલતાં ચાલતાં એ વિકલ્પો પણ છૂટીને અંદરમાં ઉતરી જાય છે.

૨૩. જીવની હાજરીમાં હાથ, પગ, મોઢું, આંખ હલે, ખવાય–પીવાય –બોલાય, ત્યાં એને એમ થઈ જાય છે કે આ બધું મારાથી થાય છે ને હું એને કરું છું – એવો ભ્રમ થાય છે, પણ આત્મા તો એનાથી ભિન્ન એકલો ચૈતન્ય જ્ઞાયક જ છે તે એને બેસતું નથી.

૨૪. આ આત્માને પરમાત્મા થવાની વાત અબજો રૂપિયા આપે તોપણ સાંભળવા મળે તેવી નથી. આ પરમાત્મતત્ત્વની વાત પૈસાની ચીજ જ નથી. આનું પૈસાથી મૂલ્યાંકન થઈ શકે નહિ, બહારની ચીજથી મૂલ્યાંકન થઈ શકે એવી આ ચીજ જ નથી.

૨૫. માથાનો કાપનાર, કંઠનો છેદનાર, પોતાનું જેટલું અહિત નથી કરતો તેટલું અહિત પોતાનો ઊંધો અભિપ્રાય કરે છે. જગતને પોતાના ઊંધા અભિપ્રાયની ભયાનકતા ભાસતી નથી.

૨૬. આત્મા દૈવી શક્તિઓથી ભરેલો દેવ છે. આ આત્મા જ દેવાધિદેવ છે. એના અંતરમાંથી આનંદની લહેજત આવતાં ઇન્દ્રના સુખ ઉકરડા જેવા લાગે.

૨૭. દેરાણી–જેઠાણી વિગેરે જુદા પડવાના હોય તે પહેલા એક બીજાના વાંકા બોલવા લાગે છે, તે તેના જુદા પડવાના લક્ષણ છે. તેમ જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું એ લક્ષણ છે કે જ્ઞાનમાં રાગ પ્રત્યે તીવ્ર અનાદર ભાવ જાગે છે, તે જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું લક્ષણ છે. આત્મામાં રાગની ગંધ નથી. રાગના જેટલા વિકલ્પો ઉઠે છે તેમાં બળું છું તેમ દુઃખ દુઃખ ને દુઃખ છે – ઝેર છે તેમ પહેલા જ્ઞાનમાં નિર્ણય કરે તો ભેદજ્ઞાન પ્રગટે છે.

૨૮. બહુશ્રુતના હૃદયમાં તીર્થંકરદેવનો વાસ છે, જ્ઞાનીના હૃદયમાં તીર્થંકર વસે છે તેથી તેની વાણીમાં તીર્થંકર જે કહે છે તે જ વાત આવે છે.

૨૯. દિગમ્બર સંતોના શાસ્ત્રો એટલે ચૈતન્ય ચિંતામણી રત્નને બતાવનારા મોટા પાટડા! પરથી હઠ અને સ્વભાવ સન્મુખ જા! એટલા માટે શાસ્ત્રો કહ્યાં છે.

૩૦. જેમ શકરકંદ અગ્નિમાં બફાય જાય છે તેમ આત્મા વિષયની વાસનામાં બફાય જાય છે પણ એનું એને ભાન નથી તેથી સુખ લાગે છે.

૩૧. પોતાની પાછળ વિકરાળ વાઘ ઝપટું મારતો દોડતો આવતો હોય તો પોતે કેવી દોટ મુકે! એ વિસામો ખાવા ઉભો રહેતો હશે? એમ આ કાળ ઝપટું મારતો ચાલ્યો આવે છે અને અંદર કામ કરવાના ઘણા છે એમ એને લાગવું જોઈએ.

૩૨. આનંદમાં ઝુલતાં સંતો કહે છે કે અમે સેંકડો શાસ્ત્ર જોઈને નિર્ણય કર્યો છે કે ચૈતન્યસ્વરૂપમાં તો એકલો જ્ઞાન ને આનંદ જ ભર્યો છે, બીજું કાંઈ એમાં નથી.

૩૩. બાપુ! તારે બહુ પુરુષાર્થ કરવાનો છે. હરિહરાદિ પણ પાછા પડયા, પૂરા પહોંચી શક્યા નહિ, તારે તો શરૂઆત કરવાની છે. તારે પ્રભુને ઘેર પહોંચવાનું છે તેથી તારે તો બહુ પુરુષાર્થ જોઈશે.

૩૪. જેવો વસ્તુ સ્વભાવ છે તેવું જ્ઞાન કરવું પડશે, એ વિના વસ્તુ જવાબ નહિ આપે. પોપાબાઈનું રાજ્ય નથી.

૩૫. સત્યની વાત સમજવામાં ટકી રહેવું એ પણ એક પુરુષાર્થ છે.

૩૬. જેટલા પરમાત્મા થયા તે બધા અંદરમાંથી નિકળ્યા છે. આત્મા પોતે જ પરમાત્માનો ગર્ભ છે, એમાંથી બધા પરમાત્મા થાય છે.

૩૭. પાંચસો ધનુષ્યની કાયાવાળા મનુષ્યના પગના અંગુઠાને એક પાતળા ઝીણા તારથી બાંધેલ હોય તો તે આટલી મોટી કાયાવાળાને શું બાંધે? તેમ આત્મા અનંત અનંત શક્તિનો પિંડ છે, તેના એક ચારિત્રગુણની એક સમયની પર્યાયમાં બંધન છે, એ તે અનંત શક્તિવાળા આત્માને શું બાંધે?

૩૮. પરાવલંબી ભાવોમાં ક્યાંક ક્યાંક મહિમા રહી જાય છે એટલે આત્માની મહિમાનું ખૂન થઈ જાય છે.

૩૯. આત્માની શોભા ઉપર જેની દ્રષ્ટિ જાય છે એને દુનિયાના સુખો બધા સડેલાં મિંદડા ને વાંદરાની દુર્ગંધ જેવા દુર્ગંધમય લાગે છે.

૪૦. ભાઈ ! તારી નજર ઠરે એવી કોઈ બાહ્ય ચીજ જગતમાં નથી, તારા માટે નજર ઠરે એવી ચીજ જગતમાં તું એક જ છો.

૪૧. ભાઈ ! તું શરીર સામું ન જો ! તારા વિકલ્પ મફતમાં જાય છે ને આત્માનું કાર્ય પણ થતું નથી. શરીર દગો દેશે. ભાઈ ! તારા આત્માનું કરવાનું છે તે કરી લે.

૪૨. પરસત્તાવાળા તત્ત્વોને ગ્રહવાનું અભિમાન, પરસત્તાવાળા તત્ત્વોને ત્યાગવાનું અભિમાન, એ અભિમાન જ મિથ્યાત્વ છે, અને તે સાત વ્યસનના પાપ કરતાં પણ મહાન પાપરૂપ છે.

૪૩. જન્મવું એ કલંક છે, પ્રાણ ધારણ કરવો એ દીનતા છે, ઘરની મુડી વિના બીજાની મુડી વડે વેપાર કરવો એ દીનતા છે. આનંદ–અમૃતથી ભરેલો ભગવાન તું દસ પ્રાણમાં રહે એમાં તારી બાદશાહી લુંટાઈ છે ભાઈ !

૪૪. અહો ! જેના આનંદનો એક લસરકો પણ આવતાં, ઈન્દ્રના ઈન્દ્રાસનો સડેલાં તરણા જેવા લાગે, તો મુનિઓના પ્રચુર આનંદની શી વાત !

૪૫. આ ચૈતન્યતત્ત્વ તો કોઈ અગમ્ય વસ્તુ છે. તે બહારના વૈરાગ્યથી કે જ્ઞાનના ક્ષયોપશમથી મળી જાય તેવી ચીજ નથી. અંતરમાં અવ્યક્ત છતાં પ્રગટ અચિંત્ય વસ્તુ પડી છે, તેના મહાત્મ્ય પ્રત્યે જાય ત્યારે તે ગમ્ય થાય ને તેના જન્મ–મરણ ટળે એવી એ ચીજ છે.

૪૬. એક સમયનો ભૂલેલો ભગવાન બીજા સમયે ભૂલ ભાંગી ભગવાન થઈ શકે છે. કાલનો કઠીયારો આજે કેવળી થાય એવા પ્રસંગો સારા કાળે નજરે દેખાતાં હતા.

૪૭. આ ચૈતન્ય તો લંગડો છે, હાલતો નથી, ચાલતો નથી, બોલતો નથી, વિકલ્પ કરતો નથી, થાય તેને માત્ર જાણવાના સ્વભાવવાળો જ્ઞાતાદ્રષ્ટા જ છે.

૪૮. તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહિ. તેમ પર્યાય પાછળ પ્રભુ રે પ્રભુ કોઈ દેખે નહિ. અહો ! એક સમયની પર્યાય પાછળ પરમાત્મા બિરાજે છે.

૪૯. અરે પ્રભુ! ક્યાંનો તું? અને ક્યાંનું આ પીંજર? અને ક્યાંના આ રાગ દ્વેષ? તારે અને એને ખરેખર કાંઈ સંબંધ નથી.

૫૦. એકવાર પ્રસન્ન ચિત્તથી ચૈતન્યસ્વભાવ લક્ષગત થયો એટલે તે નિર્વાણનો જ પાત્ર છે. નિશ્ચયનો પક્ષ બંધાણો તે પુરુષને ભલે હજુ અનુભવ નથી તોપણ એનું જોર ચૈતન્યસ્વભાવ તરફ વળી રહ્યું છે. આ જ સ્વભાવ છે આ જ સ્વભાવ છે એમ સ્વભાવ સન્મુખમાં જ જોર હોવાથી અનુભવ અવશ્ય કરીને કેવળજ્ઞાન લેવાનો જ છે.

૫૧. જિનવાણીનું મહાન લક્ષણ તો એ છે કે રાગની અને નિમિત્તની એકદમ ઉપેક્ષા કરાવે, તે જિનવાણીનું લક્ષણ છે. લાખ વાતની આ વાત છે કે આત્મા વીતરાગી સ્વરૂપ છે, જિન સ્વરૂપ છે, તેનો આશ્રય કરવાથી સંસારનો અંત આવે છે.

૫૨. પોતામાં રહીને પરને જાણવા એ તારી મોટપ છે પણ પરને પોતાના માનવા એ તારી મોટપ નથી, પરંતુ એ તો તારી નીચતા છે, હલકાપણું છે. ભીખારી થઈને ભગવાન રખડે છે.

૫૩. સાંભળતી વખતે એને આત્માનું સ્વરૂપ સ્પષ્ટ લાગે છે. છતાં પણ એની ભ્રમજાળ બની રહે છે એનું કારણ એ છે કે એણે જ્ઞાનનો ઊંડો પાયો નાંખ્યો જ નથી.

૫૪. ત્રણલોકનો નાથ અંદરમાં બિરાજે છે એની એને ખબર નથી ને બહારના પદાર્થોની કિંમત ટાંકવા જતાં તે પોતાના સામર્થ્યની કિંમત ભૂલી ગયો.

૫૫. પહેલા ચારિત્ર દોષ ટાળવા પ્રયત્ન કરે છે, તે કરતાં પહેલાં દર્શનશુદ્ધિ માટે પ્રયત્ન કર, તો અંદરમાં જવાનો માર્ગ નીકળશે.

૫૬. હાથમાનું જે હથીયાર પોતાનું જ ગળું કાપે તે હથીયાર શું કામનું? તેમ જે વિદ્યા–જ્ઞાન પોતાના આત્માને સંસારમાં રખડાવે તે વિદ્યા–જ્ઞાન શું કામનું? જે વિદ્યા–જ્ઞાન એને સંસારદુઃખથી મુક્ત કરાવે એ જ સાચી વિદ્યા ને સાચું જ્ઞાન છે.

૫૭. અજ્ઞાની પોતે પોતાને છેતરે છે ને માને છે કે અમે લાભમાં છીએ. આમ જગત અનાદિથી ઠગાણું છે.

૫૮. દુર્ધર–દુષ્કર જો કાંઈ પણ હોય તો તે એક આત્માનો પુરુષાર્થ છે.

૫૯. વર્તમાનમાં જરાક એક પ્રતિકુળતા આવે તો એ એનાથી સહન થતી નથી પણ ભવિષ્યમાં અનંતી પ્રતિકૂળતાઓ આવે તેવા ભાવોથી છૂટવાની એને દરકાર નથી!

૬૦. મૂળ ચીજ ધ્રુવવસ્તુ એવી જીણી છે કે એ જીણી ચીજ તેના હાથમાં આવે એટલે બસ! તેને અમૃતના વરસાદ વરસ્યા.

૬૧. સ્મશાનમાં ફુલેલા મડદા પડયા હોય તેમાં કાળા કાગડાને મજા લાગે છે, તેમ આ રૂષ્ટપુષ્ટ દેખાતા શરીરે ફુલેલા મદડા છે તેમા સુખ માને છે તે બધા કાળા કાગડા સમાન છે.

૬૨. શાસ્ત્રમાં આવે છે કે શરીરમાં ૫,૬૮,૯૯,૫૮૪ રોગો રહેલાં છે. દેહ તો રોગની મૂર્તિ છે. ભગવાન આત્મા આનંદની મૂર્તિ છે. મૃતક દેહમાં ભગવાન અમૃતનો સાગર મુર્છાણો છે. ભાઈ! એક વાર તું તને જો! બીજાને જોવામાં અંધ થઈજા ને તને જોવામાં હજાર આંખોથી જો.

૬૩. હે નાથ! ચક્રવર્તીની આજ્ઞા ફરે, આપની આજ્ઞા ન ફરે. સર્વજ્ઞની આજ્ઞા બહાર કોઈ દ્રવ્ય પરિણમવા સમર્થ નથી.

૬૪. શરીરની ક્રિયાથી ને રાગની ક્રિયાથી આત્માને ઓળખવો તે આત્માનું અપમાન છે.

૬૫. કર્મથી વિકાર થાય એમ જેણે માન્યું, અરેરે! તેણે આત્માનું ખૂન કરી નાંખ્યુ છે.

૬૬. આત્મશક્તિમાં–સ્વભાવમાં ભૂલની ગંધ જ નથી અને પર્યાયની ભૂલને અમે જોતા નથી. સદોષ દશાને અમે નથી જોતાં, અમે તો પવિત્ર સ્વભાવને જ જોઈએ છીએ.

૬૭. જેના જ્ઞાનમાં ત્રણકાળ ત્રણ લોકને જાણનારા ભગવાન બેઠા તેને ભવ હોયજ નહી, કેમકે તેનું જ્ઞાન સર્વજ્ઞ સ્વભાવમાં જ ઢળે છે.

૬૮. લાકડાના, લોઢાના, અગ્નિના, જળના, વીજળીનાં સ્વભાવનો જીવ ભરોસો કરે છે. દવાની ગોળીનો ભરોસો કરે છે, જેનાથી પરમાં કાંઈ થતું નથી છતાં તેનો ભરોસો જીવ કરે છે, તો જેનામાં આશ્ચર્યકારી એક જ્ઞાનશક્તિ છે, એવી રીતે અનંતી શક્તિઓમાં વ્યાપક ભગવાન આત્મા અચિંત્ય શક્તિ સામર્થ્યવાન છે એનો ભરોસો કરે તો ભવભ્રમણ છૂટી જાય.

૬૯. હાથમાં લાકડી રાખીને શરીરને અડાડવાથી ઠંડા–ઉનાનો ખ્યાલ ન આવે અને વધેલા નખથી પણ શરીરનું ઠંડા–ઉનાપણું ખ્યાલમાં ન આવે, કેમ કે તે શરીરનું અંગ નથી. તેમ લાકડી સમાન જડ ઇન્દ્રિયોથી કે નખ સમાન શુભરાગથી આત્મા ખ્યાલમાં આવતો નથી પણ જ્ઞાનનો ક્ષયોપશમ તે આત્માનું અંગ છે તે જ્ઞાનને આત્મામાં વધતાં આત્માનું ભાન થાય છે.

૭૦. જેમ છોકરો રોતો હોય તેને બાપ કહે ભાઈ! તું રો નહિ, જો તારો પેંડો આખો એવાનો એવો જ છે, જો ખુશી થા! તેમ આચાર્યદેવ ભવ્યને કહે છે કે હે આત્મા! તું પ્રસન્ન થા! ખુશી થા! જો તારો આત્મા ત્રણે કાળે એવો ને એવો શુદ્ધ જ છે. દેહાદિ કે રાગાદિ આત્માને અડયા જ નથી, સ્પર્શ્યા જ નથી. રાગાદિ તો ઉપર ઉપર લોટે છે. માટે ભાઈ! તું ખુશી થા! ને પ્રસંન્ન થઈને જો! તારો આત્મા શુદ્ધ ચૈતન્યઘન જ છે.

૭૧. અમે સર્વજ્ઞ છીએ અને તારા પેટમાં સર્વજ્ઞપદ પડયું છે. સ્વભાવમાં પડેલા સર્વજ્ઞ પદનો આદર થયો તેમાં અનંત સર્વજ્ઞનો આદર આવી ગયો–એમ સર્વજ્ઞ કહે છે.

૭૨. ભગવાન જેના હૃદયમાં બિરાજે છે તેનું ચૈતન્ય શરીર રાગ–દ્વેષરૂપ કાટ વગરનું થઈજાયછે.

૭૩. મવાળો (વાળ) ચીરવાનો તો શું વાત? પણ આ તો પરમાણુને ચીરવાની વાત છે, પરમાણુ શું પણ તેની અનંતી પર્યાયને ચીરવાની વાત છે. એક પર્યાયને બીજી પર્યાયને સહાય નથી. આત્માના અનંતા ગુણની પર્યાયમાં એક પર્યાયની બીજી પર્યાય સહાયક નથી. પર્યાય પર્યાયની યોગ્યતાથી, ષટકારકથી સ્વતંત્ર પરિણમે છે. અહો! આ તો જૈનદર્શનના પેટની સ્વતંત્રતાની મૂળ વાત છે.

૭૪. ચૈતન્ય ગોળો જ્ઞાનસૂર્ય એકલો જાણનાર જ છે, એને રાગાદિનો કોઈ વળગાઢ જ નથી. એ પરિપૂર્ણતાથી ખસ્યો જ નથી, એ રાગ સ્વરૂપે થયો જ નથી, એ રાગને છોડે છે એમ જે કહેવાય છે તે પણ નામમાત્ર કથન છે.

૭૫. આત્માને રાગ કરવાનું કામ સોંપવું એ આંખ પાસે વેળુ–રેતી ઉપડાવવા બરાબર છે.

૭૬. જેમ રાગની મંદતા તે મોક્ષમાર્ગ નથી, જેમ વ્યવહાર સમ્યગ્દર્શન તે મોક્ષમાર્ગ નથી કે મોક્ષનું કારણ નથી તેમ તેની સાથે રહેલું પરસત્તાવલંબી

જ્ઞાન મોક્ષમાર્ગ નથી કે મોક્ષનું કારણ નથી. સ્વસત્તાને પકડવાની લાયકાતવાળું જ્ઞાન જ મોક્ષનું કારણ છે. જ્ઞાનાનુભૂતિ –આત્માનુભૂતિ એ જ મોક્ષનું કારણ છે.

૭૭. બહારના જાજા જ્ઞેયો જોવાની એને એવી ટેવ પડી ગઈ છે કે જેથી એને એકરૂપ સ્વજ્ઞેયમાં આવતાં ભાર લાગે છે, કઠણ લાગે છે. બહારના જાજા જ્ઞેયોમાં એને ભરેલું ભરેલું લાગે છે અને એકરૂપ જ્ઞેયોમાં (અંદરમાં) જવું તેને ખાલી ખાલી જેવું લાગે છે પણ ખરેખર તો બહારના જાજા જ્ઞેયો ખાલીખમ છે, એક સ્વજ્ઞેયમાં જ ભરેલું ભરેલું છે. અનંતા જ્ઞેયોને જાણવા જતાં એકેયનું સાચું જ્ઞાન થતું નથી. એક સ્વજ્ઞેયને જાણવા જતાં અનંતા જ્ઞેયનું જ્ઞાન સાચું થાય છે?

૭૮. પર્યાયમાં સ્વકાળે જ મોક્ષ થાય છે, વહેલો કે મોડો થઈ શકે નહિ –એમ નકકી કરવા જાય ત્યાં એની દ્રષ્ટિ ધ્રુવ ઉપર જ જાય છે અને એમાં સ્વભાવ સન્મુખનો અનંત પુરુષાર્થ આવે છે અને ત્યારે જ પર્યાયના સ્વકાળનું સાચું જ્ઞાન થાય છે. આત્માના શ્રદ્ધા–જ્ઞાન સમ્યક્ થયા એને કાર્ય થઈ જ રહ્યું છે, પછી વહેલા મોડાનો પ્રશ્ન જ ક્યાં છે.

૭૯. હું લાયક નથી.....લાયક નથી એમ એના નકારે વાત અટકી છે. પણ એને અંદરથી એમ આવવું જોઈએ કે હું આ ક્ષણે જ પરમાત્મા થવાને લાયક છું એવો અંદરથી વિશ્વાસ આવવો જોઈએ. આ વાતની જે હા પાડે છે, અંદરથી હકાર આવે છે, તે જીવને રાગથી છૂટો પડવાની શરૂઆત થઈ ગઈ છે, છૂટો પડતો જાય છે એટલે નૈગમનયે છૂટો પડી ગયો તેમ શાસ્ત્રમાં કહ્યું છે.

૮૦. હે પ્રભુ! આપે ચૈતન્યના અનંતા ખજાના ખોલી નાખ્યા! તો હે પ્રભુ! હવે એવો તે કોણ હોય કે તરણા સમાન ચક્રવર્તીના રાજને છોડીને ચૈતન્યના ખજાનાને ખોલવા ન નિકળી પડે!

૮૧. આ આત્મા એ જ જિનવર છે, એ જ તીર્થંકર છે. અનાદિકાળથી જિનવર છે. આહાહા! અનંતા કેવળજ્ઞાનની વેલડી છે. પોતાનો આત્મા જ અમૃતનો કુંભ છે, અમૃતની વેલડી છે, એના પર એકાગ્ર થવાથી પર્યાયમાં જિનવરના દર્શન થાય છે, પરમાત્મા પ્રગટ થાય છે તેને સમ્યગ્દર્શન કહે છે.

૮૨. શુદ્ધ પર્યાયો પ્રગટ થાય એ તારી પ્રજા છે. શુભ ભાવ આવે પણ એ તો અંગારા છે, એમાં તું શેકાઈ જાય છે અને તેના ફળમાં સ્વર્ગ મળે તે પણ અંગારા છે, આકુળતા ને બળતરાના કારણો છે.

૮૩. ખરેખર તો ખંડખંડ જ્ઞાન પણ ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ સંયોગરૂપ છે, જેમ ઇન્દ્રિયો સંયોગરૂપ છે તેમ. શરીર જ્ઞાયકથી તદ્દન ભિન્ન છે તેમ ખંડખંડ જ્ઞાન–ઇન્દ્રિયજ્ઞાન જ્ઞાયકથી ભિન્ન છે, સંયોગરૂપ છે, સ્વભાવરૂપ નથી.

૮૪. જેણે આત્મા જાણ્યો તેણે કેવળજ્ઞાનીના પેટ ખોલીને જાણ્યા, કેવળજ્ઞાનનો કેવો આનંદ છે ને કેવું સ્વરૂપ છે એનો બધો ખ્યાલ ભાવશ્રુતજ્ઞાનમાં આવી ગયો છે.

૮૫. સમેટ...... સમેટ.... સમેટ, બહારની દ્રષ્ટિ સમેટ. તારી દોલત...તારા નિધાન તારી અંદરમાં ભર્યા છે, અંદરમાં જો! અંદરમાં જો! અંદરમાં સુધારસ ઝરે છે–ચૂવે છે ત્યાં દ્રષ્ટિને જોડ.

૮૬. ભગવાન સર્વજ્ઞદેવ એમ કહે છે કે આત્મામાં શરીર–સંસાર કે રાગાદિ છે જ નહિ–એમ પહેલામાં પહેલો નિર્ણય કરીને આત્માનો અનુભવ કરી લે! એને બદલે જે એમ માને છે કે પહેલા શુભ ક્રિયા કરી કષાયમંદ કરી આત્મા હળવો થાય પછી આત્માનો અનુભવ થાય. તે જીવ દેવ–શાસ્ત્ર–ગુરુ જે કહે છે તેનો અનાદર કરે છે.

૮૭. અરે પ્રભુ! તું અમૃતકુંડમાં રહેનારો આત્મા, ચમારકુંડ જેવા મૃતક કલેવર ને પુણ્યાદિને “મારા મારા” કરીને તેમાં મુર્છાઈ ગયો!

૮૮. અહો! સમયસાર! એ તો અશરીરી વસ્તુ છે, અશરીરીપણું બતાવે છે. એની ધૂન ચડતાં દેહ ને અત્મા બેય ચોસલા જુદા પડી જાય છે, જુદા અનુભવાય છે.

૮૯. દુનિયામાં લોકો કહે છે કે કાળ–દુકાળ હશે તો મોટાની ઓથે પાર ઉતરશું. તેમ આ અંદરમાં મોટો ભગવાન બિરાજે છે તેની ઓથે (આશ્રયે) સંસારનો પાર ઉતરાય છે.

# અવ્યક્ત સ્વરૂપ ભગવાન આત્મા

આ ગાથા અલૌકિક છે, તેથી શ્રી કુંદકુંદાચાર્યદેવ રચિત દરેક શાસ્ત્રોમાં તેમ જ ધવલના ત્રીજા ભાગમાં પણ આ ગાથા આવે છે. આ ગાથામાં જીવના વાસ્તવિક સ્વરૂપનું અચિંત્ય અને અલૌકિક વર્ણન છે. તેમાં આચાર્યદેવે સમ્યગ્દર્શનના વિષયભૂત શુદ્ધ આત્માને અવ્યક્ત સિદ્ધ કરીને તેને હે જીવ! તું જાણ-એમ કરુણાથી ઉપદેશ કર્યો છે. છ દ્રવ્યસ્વરૂપ લોકથી ભિન્ન કષાયના સમૂહોથી ભિન્ન તથા વ્યક્તપણાને નહીં સ્પર્શતો એવો અવ્યક્ત ભગવાન આત્મા એક જ ઉપાદેય છે માટે હે જીવ! તું તેને જ જાણ, તેને જ તારી દ્રષ્ટિનો વિષય બનાવ.

સમયસાર ગાથા-૪૯ અવ્યક્ત ઉપર પૂજ્યશ્રીના પ્રવચનમાંથી તા. ૧૮-૧-૭૮

હવે જિજ્ઞાસુ શિષ્ય પૂછે છે કે મહારાજ, આપે આગળ કહ્યું કે આ અધ્યાવસાનાદિ જીવ નથી. માર્ગણાસ્થાનાદિ જીવ નથી, તો પરમાર્થસ્વરૂપ એક ટંકોત્કીર્ણ જીવ કેવો છે? તેના ઉત્તરમાં શ્રી કુંદકુંદાચાર્યદેવ કહે છે કે તું અવ્યક્તને જાણ એટલે કે ભગવાન આત્મા ત્રિકાળી ધ્રુવ અવ્યક્ત છે તેને તું પર્યાયમાં ઉપાદેય કર.

## [ ૧ ]

## છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે અને વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે.

અહીં આચાર્યદેવ આત્માને અવ્યક્ત સિદ્ધ કરે છે. પોતાના સિવાય જે છ દ્રવ્ય છે તે જ્ઞેય છે ને આત્મા જ્ઞાયક છે. પોતાના સિવાય જે છ–દ્રવ્ય છે તેમાં અનંતા સિદ્ધ પણ આવી ગયા. આત્મા જ્ઞાયક છે અને છ–દ્રવ્યો પરજ્ઞેય છે, જાણવા લાયક

છે. પંચપરમેષ્ઠી ને અનંત સિદ્ધ પણ આ આત્માની અપેક્ષાએ પર છે, જ્ઞેય છે, જ્ઞેય છે એટલે કે તે જાણવા લાયક છે ને આત્મા જ્ઞાયક છે. શુદ્ધ ચૈતન્ય ધ્રુવ તે જ્ઞાયક છે, જાણનાર છે ને છ દ્રવ્ય જાણવા લાયક છે. છ દ્રવ્યમાં દેવ–શાસ્ત્ર–ગુરુ પણ જાણવા લાયકમાં આવ્યા એટલે કે મારા માનવા લાયકમાં ન આવ્યા.

શ્રી ધર્મદાસ ક્ષુલ્લકે તો એમ કહ્યું કે આત્મા સપ્તમ્ દ્રવ્ય છે. કેમ કે છ દ્રવ્ય છે તે જાણવા લાયક છે ને જાણનાર આત્મા છ દ્રવ્યોથી ભિન્ન સપ્તમ્ દ્રવ્ય છે. આત્મા જ્ઞાયક છે અને તે છ દ્રવ્યરૂપ જે જ્ઞેય છે તેનાથી ભિન્ન દ્રવ્ય હોવાથી સપ્તમ્ દ્રવ્ય છે. છે તો છ દ્રવ્યમાં આત્મા, પરંતુ અહીં એક તરફ આત્મા ને એક તરફ છ દ્રવ્ય એમ બતાવ્યું છે.

છ દ્રવ્યસ્વરૂપ જગત કેમ કહ્યું? –કે અજ્ઞાની છ દ્રવ્યો માનતા નથી, કોઈ કાળ દ્રવ્ય માનતા નથી તેથી છ દ્રવ્યસ્વરૂપ લોક હોવાથી છ દ્રવ્ય સિદ્ધ કર્યાં છે પરંતુ તે સર્વે જ્ઞેયમાં જાય છે. આકાશનો અંત નથી, અનંત છે તે પણ છ દ્રવ્યમાં આવી ગયું. જ્ઞેયમાં આવી ગયું. છ દ્રવ્યસ્વરૂપમાં દ્રવ્યલિંગ આવી ગયું, સાધુનું પંચમહાવ્રતપણું આદિ આચરણ છે તે પણ છ દ્રવ્યમાં આવી ગયું.

ભગવાન આત્મા કેવો છે? –કે અવ્યક્ત છે અર્થાત્ છ દ્રવ્યસ્વરૂપ લોક તે જ્ઞેય છે, તે વ્યક્ત છે ને તેનાથી ભિન્ન આત્મા જ્ઞાયક છે તે અવ્યક્ત છે. છ દ્રવ્યસ્વરૂપ લોક છે તે જિનેન્દ્રદેવે દેખ્યો છે, તે જ્ઞેય છે, તે વ્યક્ત છે, બાહ્ય છે અને ભગવાન આત્મા અભ્યંતર તેનાથી ભિન્ન છે. વ્યવહારરત્નત્રય, દેવ–શાસ્ત્ર–ગુરુની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ આદિ જ્ઞેયમાં જાય છે. આત્મા તેનાથી ભિન્ન જ્ઞાયક છે. વ્યવહારરત્નત્રય આદિ છ દ્રવ્યસ્વરૂપ લોક છે તે વ્યક્ત છે એટલે કે પ્રગટ છે, બાહ્ય છે અને ભગવાન આત્મા તેની અપેક્ષાએ અવ્યક્ત છે.

છ–દ્રવ્ય જ્ઞેય છે અને ભગવાન તેનાથી ભિન્ન અવ્યક્ત જ્ઞાયક છે. અવ્યક્ત કેમ? –કે તે બહારમાં આવ્યો નથી, પર્યાયમાં પણ આવ્યો નથી. એક તરફ જ્ઞાયક ભગવાન ને એક તરફ છ દ્રવ્યસ્વરૂપ લોક તે જ્ઞેય છે. જ્ઞાયક સ્વરૂપ ભગવાન ને છ–દ્રવ્યસ્વરૂપ લોક જાણવાની પર્યાયમાં આવે છે. જાણવાની પર્યાયમાં એમ આવે છે કે છ દ્રવ્યસ્વરૂપ લોક છે તે વ્યક્ત છે ને હું જ્ઞાયક આત્મા તેનાથી ભિન્ન અવ્યક્ત છું.

ભગવાન આત્મા જ્ઞેયથી ભિન્ન જ્ઞાયક છે, પ્રગટથી ભિન્ન અપ્રગટ છે, વ્યક્તથી

ભિન્ન અવ્યક્ત છે. તેથી તેને સપ્તમ્ દ્રવ્ય પણ કહ્યું છે. દયા–દાન આદિ વ્યક્ત અર્થાત્ બાહ્ય છે કેમ કે તે બાહ્યના લક્ષે ઉત્પન્ન થાય છે, તેનાથી જીવ ભિન્ન છે, અવ્યક્ત છે. ભગવાન શ્રી કુંદકુંદાચાર્યે આત્માને અવ્યક્ત એવું વિશેષણ કેમ લગાવ્યું? કે છ દ્રવ્યસ્વરૂપ લોક વ્યક્ત છે ને તેનાથી આત્મા ભિન્ન છે તેથી અવ્યક્ત છે ને તે સમ્યગ્દર્શનનો વિષય છે.

ભગવાન આત્મા જીવ છે, એ જીવ, જે છ દ્રવ્યો વ્યક્ત છે તેનાથી અન્ય છે. છ દ્રવ્યોમાં દ્રવ્ય–ગુણ તો કાયમી છે પણ જે નવી નવી પર્યાય થાય છે તે વિકૃત હો કે અવિકૃત હો પણ તે પોતાના ષટ્કારકથી થાય છે, પૂર્વપર્યાય કારણ ને ઉત્તરપર્યાય કાર્ય એ બધા વ્યવહારના કથન છે. કેવળજ્ઞાનની પર્યાય હો કે નિગોદની પર્યાય હો પણ તે પર્યાય પોતામાં પોતાથી પોતાના કારણે છે. છ દ્રવ્યસ્વરૂપ લોકમાં દ્રવ્યોની પર્યાય પણ આવી ગઈ, દ્રવ્ય–ગુણ ને પર્યાય આવી ગયા. દ્રવ્ય–ગુણ તો પોતાને કારણે છે પણ વિકારી કે અવિકારી પર્યાય પણ કોઈના આલંબન વિના પ્રત્યેક સમયે પોતાના ષટ્કારકથી સ્વતંત્ર થાય છે. છ દ્રવ્યસ્વરૂપ લોકનું એવું સ્વરૂપ છે તે જ્ઞેય છે અને જ્ઞેય છે તેનો આત્મા જ્ઞાયક છે. પરંતુ જ્ઞાયક આત્મા તેનો કર્તા નથી, જાણનાર આત્મા પરચીજનો કર્તા નથી, પરચીજ તો જ્ઞેય છે.

અન્યમતિ છ દ્રવ્યને માનતા નથી. જૈન દર્શન સિવાય કોઈ દર્શનો છ દ્રવ્ય માનતા નથી. અહીં કહે છે કે છ દ્રવ્યસ્વરૂપ લોક છે અને એક એક દ્રવ્યની પર્યાય તથા પરની દયા આદિનો રાગ તે જ્ઞેયમાં જાય છે; ભગવાન આત્મા જ્ઞાયક તેનાથી ભિન્ન છે. જાણનારી પર્યાય આ અવ્યક્ત છે ને આ વ્યક્ત છે એમ જાણે છે. નિર્ણય કરનારી પર્યાય છે. પોતાના જ્ઞાયકની અપેક્ષાએ જગત જાણવા લાયક છે તેથી જગતની પર્યાય કરવા લાયક છે તેમ નથી પણ જાણવા લાયક છે તેથી તે જ્ઞાનમાં જ્ઞેય છે. જ્ઞાયકની અપેક્ષાએ તે જ્ઞેય હોવાથી વ્યક્ત છે ને તેનાથી ભિન્ન જ્ઞાયક અવ્યક્ત છે.

આત્મા અવ્યક્ત વિશેષણથી જાણવા લાયક છે. હિંસા–જૂઠુ કે દયા–દાન આદિના ભાવ છે તે છ દ્રવ્યસ્વરૂપ લોકમાં જ્ઞેય તરીકે જાય છે. તેને કરવી શું? દયા–દાન આદિ પર્યાય છે તે જ્ઞેય છે, વ્યક્ત છે અને જે જ્ઞેય છે તેનો જાણનાર જ્ઞાયક પણ છે. જે વ્યક્ત છે તેને જાણનારો જીવ અવ્યક્ત છે.

અવ્યક્તના બોલ ચાલે છે, સૂક્ષ્મ ચીજ છે પણ મૂળ ચીજ છે. કુંદકુંદાચાર્યદેવ કહે છે કે આ આત્મા અવ્યક્ત છે તે જ ઉપાદેય છે, તે જ જીવ છે, તે જ આત્મા

છે અને તે આત્મા જ અંતરમાં આદર કરવા લાયક છે. એ સિવાય કોઈ ચીજ સમ્યગ્દ્રષ્ટિને આદરવા લાયક નથી.

ભગવાન કુંદકુંદાચાર્ય મહાન સંત હતા, અતીન્દ્રિય આનંદને મહા ઉગ્ર કરીને પ્રચુર સ્વસંવેદન કરતાં હતાં. એ કુંદકુંદાચાર્યદેવ એમ કહે છે કે જીવને ભગવાને અવ્યક્ત કહ્યો છે તે જીવને જાણ. શુદ્ધ આત્મા અવ્યક્ત છે તે જ ઉપાદેય છે. જયસેનાચાર્યની ટીકામાં અવ્યક્તનો અર્થ સૂક્ષ્મ કર્યો છે. આત્મા જ્ઞાયક છે અને દયા–દાન આદિના ભાવો તથા છ દ્રવ્યસ્વરૂપ લોક પરજ્ઞેય છે. ભૂતાર્થ ત્રિકાળી સ્વભાવને અહીં અવ્યક્ત કહ્યો છે, તે જ આદરવા લાયક છે, તેના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

હે જીવ! તું અવ્યક્ત છો તેને તું જાણ. જાણનારી પર્યાય કોને જાણે?–કે અવ્યક્તને જાણે. આચાર્યદેવને કરુણાનો વિકલ્પ આવ્યો છે તેથી આ શુદ્ધાત્માનો ઉપદેશ કર્યો છે. શુદ્ધ ચૈતન્યઘન છે ત્યાં દ્રષ્ટિ કરવાથી વર્તમાન પર્યાયમાં શુદ્ધ આનંદકંદનો ભાવ પ્રગટ થાય છે. અહીં એ જ કહે છે કે પોતાના જીવ અપેક્ષાએ છ દ્રવ્યસ્વરૂપ લોક આ જીવ નથી તેથી અજીવ છે. છ દ્રવ્યસ્વરૂપ લોક કહીને છ દ્રવ્ય સિદ્ધ કર્યાં ને પછી કહ્યું કે તે લોક જ્ઞેય છે એમ હે જીવ તું જાણ! છ દ્રવ્યસ્વરૂપ લોક તે વ્યક્ત છે. પ્રગટ છે, બાહ્ય છે અને અંતરમાં અવ્યક્ત સૂક્ષ્મ છે એ જીવને તું જાણ!–એમ કહે છે.

અનંત પંચપરમેષ્ઠી થયા ને થશે તે સર્વ જ્ઞેય છે, વ્યક્ત છે, બાહ્ય છે, તેનાથી ભિન્ન જીવ અવ્યક્ત છે તેને ઉપાદેય જાણ; તે સમ્યગ્દ્રષ્ટિનો વિષય છે. જીવથી લોક અન્ય છે, દયા–દાન–આદિનો વિકલ્પ જીવથી અન્ય છે અને જીવ તેનાથી અન્ય છે. એ રીતે વ્યવહારથી નિશ્ચય થાય છે ને નિમિત્તથી ઉપાદાન થાય છે એ બન્નેનો નિષેધ કરી દીધો છે. વ્યવહાર અને નિમિત્ત તો વ્યક્ત છે.

શ્રી કુંદકુંદાચાર્યદેવ કહે છે કે હે જીવ! અવ્યક્તને તું જીવ જાણ કે જે કેવળજ્ઞાનથી પણ સૂક્ષ્મ છે. ત્રિકાળી છે તે સૂક્ષ્મ છે. નિયમસારની ૪૯ મી ગાથામાં કેવળજ્ઞાનને પણ એક ન્યાયે પરદ્રવ્ય કહ્યું છે. દેવ–શાસ્ત્ર–ગુરુ અને વ્યવહાર એ બધું જ્ઞેયમાં આવી ગયું, પણ મારા છે એમ ન આવ્યું. પંચપરમેષ્ઠિ આદિ જ્ઞેય છે, વ્યક્ત છે અને ભગવાન તેનાથી ભિન્ન પૂરણ શુદ્ધ અવ્યક્ત જીવ છે તે ઉપાદેય છે તે જીવ જ દ્રષ્ટિના વિષયમાં આદરવા લાયક છે. પોતાના અવ્યક્તસ્વરૂપને તું જીવ જાણ!

એમ આદેશ કર્યો છે. તેને ઉપાદેય કરવાથી તારી પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર થશે. એ રીતે પહેલા બોલમાં સામાન્યપણે વાત કરી. હવે એ જ બોલને સ્પષ્ટ કરવા પાંચ બોલ કહે છે.

[ ૨ ]

## કષાયોનો સમૂહ જે ભાવકભાવ વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે

કષાયોનો સમૂહ એટલે કે શુભ કે અશુભરાગના અસંખ્ય પ્રકારના કષાયનો સમૂહ. ભાવકભાવ એટલે કર્મ તે ભાવક ને કષાય તે તેનો ભાવ છે. કષાય તે આત્માનો ભાવ નથી પણ કર્મનો ભાવ છે. કષાયોનો સમૂહ એટલે કે ગુણ-ગુણીનો વિકલ્પ ઉઠે તે પણ કષાયના સમૂહમાં જાય છે. કર્મ છે તે ભાવક છે-ભાવને કરનારો છે ને કષાયોનો સમૂહ ભાવકનો ભાવ છે. ભગવાન તો જ્ઞાયકભાવ છે તેથી તેનો ભાવ જ્ઞાતા-દ્રષ્ટાપણું તે છે. અહીં જ્ઞાયકને તદ્દન ભિન્ન બતાવ્યો છે તેથી પંચપરમેષ્ઠીનું સ્મરણ કરવું તે પણ રાગ હોવાથી કષાયના સમૂહમાં જાય છે, પુણ્ય-પાપના બધા ભાવ કષાયના સમૂહમાં જાય છે, તેનો ભાવક કર્મ છે. કષાય તે ભાવ ને કર્મ ભાવક તેને પર કહીને ભગવાન તેનાથી ભિન્ન છે તેમ અહીં કહે છે. કર્મ ભાવક ને વિકારી ભાવ ભાવ્ય છે એમ ગાથા ૩૨-૩૩ માં આવી ગયું છે અને પ્રવચનસાર ૨૪૨ ગાથામાં ભાવક એટલે આત્મા જ્ઞાયક વસ્તુ ને સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રની પર્યાય તે ભાવ્ય એમ કહ્યું છે. ભગવાન આત્મા ભાવ કરનાર ભાવક છે, તેનું ભાવ્ય વિકાર નથી પણ સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાય તે ભાવકનું ભાવ્ય છે. જ્ઞાન પ્રધાન કથનમાં પણ ભાવકનું ભાવ્ય દર્શન-જ્ઞાનની પર્યાય છે એમ કહ્યું છે. અહીં બીજા બોલમાં વ્યવહારરત્નત્રયને ભાવક કર્મનો ભાવ કહીને વ્યક્ત છે બાહ્ય છે તેમ કહ્યું;

શુભરાગરૂપ વ્યવહાર છે તે કષાયભાવમાં આવે છે; પહેલાં બોલમાં તે વ્યક્તમાં આવ્યો ને બીજા બોલમાં તે કષાયમાં આવ્યો. પંચમહાવ્રતનો ભાવ તે રાગ છે, આસ્રવ છે, તેથી તે કષાયના સમૂહમાં આવે છે, તે વ્યક્ત છે, પ્રગટ છે, સ્થૂળ છે, બાહ્ય છે ને આત્મા અવ્યક્ત છે, સૂક્ષ્મ છે. કષાયનો સમૂહ વ્યક્ત છે. તેનાથી જીવ ધન્ય છે તેથી અવ્યક્ત છે.

અવ્યક્ત અર્થાત્ આત્મા ધ્રુવ, ચૈતન્ય, અનંત જ્ઞાનનો પિંડ, અતીન્દ્રિય આનંદનો

સાગર ને અતીન્દ્રિય પ્રભુતાનો ઈશ્વર એવી અનંત શક્તિ અને એક એક શક્તિમાં અનંતી શક્તિનું રૂપ તેને અહીં અવ્યક્ત કહ્યો છે, તે જ ઉપાદેય છે, તે જ આદરણીય છે. તે સિવાય સર્વે ચીજ વ્યક્ત છે, જ્ઞેય તરીકે છે, તે વાત અહીં ચાલે છે, તેમાં આ બીજો બોલ ચાલે છે.

અત્યારે બહારમાં એમ ચાલે છે કે પહેલા ચિત્શુદ્ધિ હો એટલે કે કષાયની મંદતા હોય તો તેનાથી ધર્મ થાય. તેની સામે આ દલીલ ચાલે છે કે ચિત્શુદ્ધિમાં જે રાગની મંદતા હોય છે તે કર્મભાવકનો ભાવ છે. આત્મદ્રવ્યનો ભાવ નથી. કષાયોનો સમૂહ એ તો ભાવકનો ભાવ છે. ગમે તે ચિત્શુદ્ધિનો ભાવ હોય પણ તે કષાયોના સમૂહમાં જાય છે. અશુભમાંથી સીધો અંદર જતો નથી, અશુભને છોડીને છેલ્લે શુભ હોય છે પછી અંદર જાય છે, તેથી એટલો શુભભાવ આવ્યો ને? એટલે કે શુભથી અંદર ગયો ને? –કે ના, શુભને છોડીને અંદર ગયો છે.

અહીં તો કહે છે કે શુભભાવ તે ભાવકનો ભાવ છે, જ્ઞાયકનો ભાવ નથી. પુણ્ય–પાપ અધિકારમાં શુભભાવને સ્થૂળ કહ્યો છે. પંચમહાવ્રત આદિની ક્રિયા તે સ્થૂળ છે ને અવ્યક્ત છે તે સૂક્ષ્મ છે. જે ચીજમાં ભવ ને ભવનો ભાવ છે તેનાથી રહિત ભગવાન આત્મા અવ્યક્ત છે. ભાવકનો ભાવ તે વ્યક્ત છે, સ્થૂળ છે. ચિત્ શુદ્ધિનો ભાવ વ્યક્ત છે, સ્થૂળ છે ને જીવ તેનાથી ભિન્ન છે, અવ્યક્ત છે.

પહેલા બોલમાં રાગની મંદતાને પરજ્ઞેય તરીકે બતાવ્યું જ છે. અહીં વિશેષ સ્પષ્ટ કરે છે. કષાયોનો સમૂહ વ્યક્ત છે. તેનાથી ભિન્ન ભગવાન આત્મા અવ્યક્ત છે. વ્યક્તથી ભિન્ન છે તે અપેક્ષાએ ભગવાન અવ્યક્ત છે, પરંતુ અંદર તો વ્યક્ત પ્રગટ પ્રભુ છે. અનંત શક્તિનો પિંડ પ્રભુ, ભાવકનો ભાવ જે શુભભાવ, તેનાથી તદ્દન ભિન્ન હોવાથી અવ્યક્ત છે તેથી તે ઉપાદેય છે.

જેટલો શુભાશુભ ભાવ છે તે ભાવકનો ભાવ છે, કર્મનો ભાવ છે, અજીવનો ભાવ છે, જીવનો ભાવ નથી. તેથી તેને વ્યક્ત કહીને ભગવાનથી ભિન્ન બતાવ્યો છે. એ રીતે ભાવકના ભાવથી ભગવાન આત્મા ભિન્ન છે એમ જાણ–એમ ભગવાન કુંદકુંદદેવ કહે છે. તું જાણ એનો અર્થ તું જાણતો નથી માટે હવે તેને જાણ, અવ્યક્તને જાણ. ભાવકના ભાવથી ભિન્ન શુદ્ધ ચૈતન્યવસ્તુને જાણ. તેને જાણવામાં તારી પર્યાયમાં તેનું પણ જ્ઞાન થશે ને રાગને જાણવા જવું છે એમ નહીં પણ તારા જાણવાના સામર્થ્યથી તને જાણતા રાગ સંબંધી જ્ઞાન સાથે ઉત્પન્ન થશે.

## [ ૩ ]

## ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ નિમગ્ન ( અંતર્ભૂત ) છે માટે અવ્યક્ત છે

ચૈતન્યની સર્વે વ્યક્તિઓ ચૈતન્યસામાન્યમાં નિમગ્ન છે. ત્રિકાળી જ્ઞાયકભાવ તે સામાન્ય છે, એકરૂપ છે, ધ્રુવ છે, નિત્ય છે એવા ચિત્‌સામાન્યમાં ચૈતન્યની સમસ્ત પર્યાયો એટલે કે ભૂતકાળમાં જે મલિન પર્યાય હતી ને ભવિષ્યમાં જે નિર્મળ પર્યાય થશે તે સર્વે પર્યાયો સામાન્યમાં અંતર્નિમગ્ન છે. એ ચિત્સામાન્ય તે સર્વોત્કૃષ્ટ ઉત્તમ છે, પરમાત્મા તીર્થંકરદેવથી પણ તારો ચિત્સામાન્ય તારા માટે સર્વોત્કૃષ્ટ ઉત્તમ છે.

પ્રભુ! એકવાર સાંભળતો ખરો. આવા અવસર ક્યારે મળે! કહે છે કે જેટલી પર્યાય થઈ ગઈ ને જેટલી થશે તે સર્વે એકરૂપ સામાન્યમાં શક્તિરૂપે અંતર્નિમગ્ન છે. વર્તમાન પર્યાય સિવાય ભૂત ને ભવિષ્યની જેટલી નિર્મળ પર્યાય છે તે અંતરમાં શક્તિરૂપે છે, અંદરમાં પારિણામિક ભાવે છે. જેટલી પર્યાય વ્યક્ત હતી ને જેટલી વ્યક્ત થશે તે ચિત્સામાન્યમાં પારિણામિકભાવે અંતર્નિમગ્ન છે, વર્તમાન પર્યાય સિવાય. કેમ કે આવા ચિત્સામાન્યને જાણનાર વર્તમાન પર્યાય છે.

પહેલા વિકલ્પથી આવો નિર્ણય કરવો જોઈએ, પછી વિકલ્પ તોડીને અંદર જવાશે. વિકલ્પ સહિત પણ આવો જેને નિર્ણય નથી તે અંદર ક્યારે જશે? તેથી પહેલાં નિર્ધાર હોવો જોઈએ કે માર્ગ તો આ જ છે.

તું જીવને અવ્યક્ત જાણ એમ કહ્યું છે. ભગવંત તું જીવ છો ને! તેથી જેમાં ભૂત–ભવિષ્યની નિર્મળ પર્યાય અંતર્નિમગ્ન છે એવા જીવને તું જાણ. એને જાણનારી પર્યાય છે તે વ્યક્ત છે, તે અંતર્નિમગ્ન નથી પણ ભૂત–ભવિષ્યની સર્વ વ્યક્તિ અંતરમાં નિમગ્ન છે. વર્તમાન પર્યાય સિવાય પહેલી પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન હતું તે પર્યાય પણ અંતર્નિમગ્ન થઈ ગઈ. એક સમયની શ્રુતજ્ઞાનની છ દ્રવ્યને જાણવાની તાકાતવાળી ભુતકાળની પર્યાય અને ભવિષ્યની શ્રુતજ્ઞાનની તથા કેવળજ્ઞાનની પર્યાય ચિત્સામાન્યમાં અંતર્નિમગ્ન છે. અંતર્નિમગ્ન એટલે કે ભૂત–ભવિષ્યની પર્યાય ધ્રુવમાં પરિણામિકભાવે થઈ ગઈ છે. જે પર્યાય થઈ ગઈ ને જે થશે તે પર્યાય અંતર્નિમગ્ન થઈ ગઈ, પર્યાય દ્રવ્યરૂપે અંતર્નિમગ્ન થઈ ગઈ–એક વર્તમાન પર્યાય સિવાય, કેમ કે તે જાણનાર છે.

સામાન્ય એટલે કે ત્રિકાળી ધ્રુવ તેમાં ભુતકાળની અને ભવિષ્યકાળની પર્યાય

અંતર્નિમગ્ન છે એમ વર્તમાન પર્યાયમાં જાણ. સ્વસંવેદનજ્ઞાન પર્યાય છે, તેનો વિષય અવ્યક્ત ભગવાન આત્મા છે એમ જાણ. હે શિષ્ય! અવ્યક્ત આત્મા કે જેમાં ચૈતન્યની સર્વે પર્યાયો અંતર્નિર્મગ્ન છે તેને તું જાણ, પણ એમ જાણનારી પર્યાય અંતર્નિર્મગ્ન નથી. જાણ એટલે કે ત્રિકાળી વસ્તુ નિત્યાનંદ પ્રભુ અવ્યક્ત છે તેને ધ્યેય બનાવીને ઉપાદેય કર.

શ્રી જયસેનાચાર્યદેવકૃત ૩૨૦ ગાથાની ટીકામાં પણ આવે છે કે વર્તમાન વ્યક્ત પર્યાય એમ ધ્યાવે છે કે જે સકલનિરાવરણ–અખંડ–એકપ્રત્યક્ષપ્રતિભાસસમય–અવિનશ્વર–શુદ્ધ–પારિણામિકપરમભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે હું છું, પણ ખંડજ્ઞાનરૂપ હું નથી. સમ્યગ્દ્રષ્ટિ ધ્રુવને વિષય કરે છે પણ સમ્યગ્દ્રષ્ટિ સમ્યગ્દર્શનને વિષય બનાવતો નથી.

ચિત્સામાન્યમાં સમસ્ત વ્યક્તિઓ એટલે કે અનંત કેવળજ્ઞાનની પર્યાય, અનંત શાંતિની પર્યાય, અનંત પ્રભુતાની પર્યાય–એ સર્વે પર્યાયો અંતર્નિર્મગ્ન છે માટે તે ચિત્સામાન્ય અવ્યક્ત છે. તેથી વર્તમાન પર્યાયમાં એમ જાણ કે આ એક વસ્તુ ઉપાદેય છે. બહારથી દ્રષ્ટિ સંકેલીને દ્રષ્ટિ અંદરમાં કરવાની છે.

## [ ૪ ]

## ક્ષણિક વ્યક્તિમાત્ર નથી માટે અવ્યક્ત છે.

એક સમયની પ્રગટ પર્યાયમાત્ર ભગવાન આત્મા નથી. નિયમસારમાં પણ કહ્યું છે કે કેવળજ્ઞાનની પર્યાય પણ નાશવાન ક્ષણિક છે. ત્યાં તો ત્યાં સુધી કહ્યું કે નિર્મળ પર્યાય તે પરદ્રવ્ય છે! પરદ્રવ્ય કેમ કહ્યું? કે જેમ પરદ્રવ્યમાંથી નવી પર્યાય આવતી નથી તેમ નિર્મળ પર્યાયમાંથી નવી પર્યાય આવતી નથી તેથી પરદ્રવ્ય કહ્યું છે. એ બદલતી ક્ષણિક પર્યાયમાત્ર તું નથી.

ભગવાન આત્માની જે વર્તમાન નિર્મળ પ્રગટ પર્યાય છે, ભગવાન આત્માની પ્રતીતિરૂપ જે વર્તમાન પ્રગટ પર્યાય છે, તે ક્ષણિક પર્યાયમાત્ર ભગવાન આત્મા ન હોવાથી અવ્યક્ત છે. મોક્ષમાર્ગની પર્યાય હો તોપણ તે ક્ષણિક વ્યક્તિમાત્ર આત્મા નથી. પર્યાયમાત્ર અનિત્ય છે ને ભગવાન નિત્ય છે. તેથી અનિત્ય વડે નિત્યનો નિર્ણય કરવાનો છે કે અનિત્યમાત્ર હું નથી.

દયા–દાન ઉપર તો દ્રષ્ટિ ન હોવી જોઈએ પણ નિર્મળ પર્યાય ઉપર પણ દ્રષ્ટિ ન હોવી જોઈએ. તેથી કહે છે કે ક્ષણિક પર્યાયમાત્ર તું નથી. અરે! કેવળજ્ઞાનની

પર્યાય પણ ક્ષણિક છે. પૂર્ણ શુદ્ધ એવી કેવળજ્ઞાનની ને સિદ્ધની પર્યાય પણ ક્ષણિક છે, ભગવાન ક્ષણિક પર્યાયમાત્ર નથી. અરેરે! આવું મનુષ્યપણું મળ્યું ને આવી વાત સાંભળવા પણ ન મળે! મહાવિદેહમાં શ્રી સીમંધરસ્વામી બિરાજે છે તેમની વાણીની આ વાત છે. ત્યાંથી આવેલી આ વાત છે. પુણ્ય–પાપ તો તું છો જ નહીં પણ નિર્મળ પર્યાયમાં પણ તું આવ્યો નથી એવો ધ્રુવ તું છો. જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય? –તે પર્યાયમાં કેમ જાય? એ તો ધ્રુવ છે ને! તે પર્યાયમાં કેમ જાય?

નિમિત્ત તારામાં છે નહીં, વિકાર તારામાં છે નહીં પણ નિર્મળ પર્યાય પણ તારી ધ્રુવ ચીજમાં છે નહીં એમ દ્રષ્ટિને અવ્યક્ત ઉપર લઈ જવી છે. વાત સૂક્ષ્મ છે પણ આ સમજ્યે છૂટકો છે, બાકી બધું થોથા છે. બાહ્ય ચીજ તો તારામાં છે જ નહીં, સ્ત્રી–પુત્ર આદિ તો તેના કારણે આવ્યા છે. , તે તારામાં નથી ને તારા કારણે આવ્યા નથી પણ દયા–દાન આદિ કે હિંસા–જૂઠું આદિ એ પણ તારી ચીજમાં નથી. પરંતુ અહીં તો એમ કહે છે કે જે નિર્મળ પર્યાય છે તે ક્ષણિક છે, તે પણ તારામાં નથી, તેથી ક્ષણિક પર્યાય ઉપર નજર ન કર, પણ જયાં ધ્રુવ બિરાજે છે ત્યાં નજર કરને! સુખી થવાનો આ એક જ માર્ગ છે.

આત્માની જે ક્ષણિક પર્યાય–નિર્મળ પર્યાય છે તે પર્યાયમાત્ર આત્મા નથી. પ્રભુ! તું એક સમયની નિર્મળ પર્યાયમાત્ર નથી તો બાહ્ય ચીજ તો ક્યાં રહી? ત્રિકાળી આનંદના નાથના સ્વાલંબનથી ઉત્પન્ન થતી કેવળજ્ઞાનની પર્યાયની મુદત પણ એક સમયની છે, એક સમયની નિર્મળ પર્યાય છે તે વ્યક્ત છે, પર્યાયમાત્ર તું નથી, તેથી આત્મા અવ્યક્ત છે, તે જ ઉપાદેય છે.

વ્યક્તપણું એટલે કે અવસ્થા, પ્રગટ પર્યાય. અહીં નિર્મળપર્યાયની વાત ચાલે છે, મલિન પર્યાયની ભિન્નતા બીજા બોલમાં કહી દીધી તેથી નિર્મળ પર્યાય તે વ્યક્ત અને ત્રિકાળી તે અવ્યક્ત છે. પરની સાથે તો સંબંધ છે નહીં પણ વર્તમાન શુદ્ધ ચૈતન્યપર્યાય તે વ્યક્ત છે અને ત્રિકાળી ધ્રુવ તે અવ્યક્ત છે.

## [ ૫ ]

## વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ તે વ્યક્તપણાને સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે.

અનાદિ અનંત ધ્રુવ વસ્તુને અવ્યક્ત અને જાણનારી વર્તમાન પર્યાયને વ્યક્ત કહે છે, એકલી જાણનારી પર્યાય એમ નહીં પણ અનંતી નિર્મળ પર્યાયની વ્યક્તતાનું

ને ત્રિકાળી ધ્રુવરૂપ અવ્યક્તપણાનું એક સાથે જ્ઞાન થાય છે. “હું આત્મા આનંદ સ્વરૂપ છું” એવું ભાન થયું–ધર્મદશા થઈ તેને વ્યક્ત કહે છે ને આનંદસ્વરૂપ આત્માને અવ્યક્ત કહે છે, તે વ્યક્તપણાનું ને અવ્યક્તપણાનું મિશ્રિતપણે જ્ઞાન થાય છે.

વ્યક્તપણું ને અવ્યક્તપણું એટલે કે હું નિત્ય ધ્રુવ છું એમ જ્ઞાન થાય ને જ્ઞાનનું પણ જ્ઞાન થાય એમ એક સાથે પ્રતિભાસે છે. પોતાની નિર્મળ જ્ઞાનયર્પાયને લઈને અનાદિ અનંત નિત્યાનંદપ્રભુ જ્ઞાનપર્યાયમાં પ્રતિભાસે છે ને જ્ઞાનપર્યાય પણ જ્ઞાનપર્યાયમાં પ્રતિભાસે છે. એક સાથે પ્રતિભાસે છે.

ત્રિકાળી ધ્રુવને જાણનારી પર્યાયમાં ત્રિકાળી ધ્રુવ પ્રતિભાસે છે એટલે કે વસ્તુ જેવી છે તેવો ભાસ–જાણવું થાય છે ને વ્યક્ત જે જાણવા આદિની પર્યાય છે તેનો પણ પ્રતિભાસ જાણવાની પર્યાયમાં એક સાથે થાય છે. વર્તમાન જ્ઞાનની પર્યાયમાં ત્રિકાળી ધ્રુવ ને વ્યક્તપણું એકીસાથે મિશ્રિતરૂપે પ્રતિભાસે છે. ઉપયોગ ભલે અસંખ્ય સમયનો હો પણ ત્રિકાળી ધ્રુવનો પ્રતિભાસ ને પ્રગટ નિર્મળ પર્યાય છે તેનો પ્રતિભાસ એક સમયમાં થાય છે.

પર્યાયમાં દ્રવ્યનું ને પર્યાયનું જ્ઞાન એક સમયમાં એક સાથે થાય છતાં દ્રવ્ય છે તે વ્યક્તને સ્પર્શતું નથી માટે હે જીવ! તું તેને અવ્યક્ત જાણ. ત્રીજી ગાથામાં પ્રત્યેક પદાર્થ પોતાના ગુણ–પર્યાયને સ્પર્શે છે પણ પરદ્રવ્યને સ્પર્શતું નથી એમ પરદ્રવ્યની ભિન્નતા બતાવી છે. અહીં તો દ્રવ્ય ને પર્યાયની ભિન્નતાની વાત બતાવી છે. પ્રગટ નિર્મળ પર્યાય ને અવ્યક્ત દ્રવ્ય તે બન્નેનું પર્યાયમાં એકમેક જ્ઞાન થવા છતાં પર્યાયને–વ્યક્તને દ્રવ્ય સ્પર્શતું નથી માટે આત્મા અવ્યક્ત છે.

અહીં તો અવ્યક્ત સિદ્ધ કરવું છે. હે શિષ્ય! તારી પર્યાયમાં અવ્યક્તને જાણ કે જે પર્યાયને સ્પર્શતું નથી. આ આત્મા છે તે શરીર–વાણી–મન ને દેવ–શાસ્ત્ર–ગુરુને તો સ્પર્શતું જ નથી. કેમ કે તે અત્યંત ભિન્ન છે. હવે અહીં તો પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી કેમ કે પર્યાય અને દ્રવ્ય એમ બે છે. પોતાની જે નિર્મળ પર્યાય છે, મોક્ષમાર્ગની જે પર્યાય છે તેને દ્રવ્ય સ્પર્શ કરતું નથી એમ કહીને અવ્યક્ત દ્રવ્યને સિદ્ધ કરવું છે. અવ્યક્ત છે તે વ્યક્તને સ્પર્શતું નથી તે કારણે વ્યક્તથી ભિન્ન અવ્યક્ત છે.

જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે તેનો વિષય અવ્યક્ત છે. એ અવ્યક્તને અહીં સિદ્ધ કરવું છે. સમ્યગ્દર્શન પર્યાય છે, તે પર્યાયને અવ્યક્ત સ્પર્શતું નથી. આત્મા

જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુ છે એમ પર્યાયમાં અવ્યક્તનું જ્ઞાન થયું ને જ્ઞાનની પર્યાયનું પણ જ્ઞાન થયું છતાં તે પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી.

કેવળજ્ઞાનની પર્યાય કેવળજ્ઞાનને જાણે ને દ્રવ્યને જાણે, છતાં દ્રવ્ય કેવળજ્ઞાનને અડતું નથી. અવિનાશીની પ્રતીતિ, તેનું જ્ઞાન ને તેની રમણતા તેને દ્રવ્ય સ્પર્શતું નથી. આહાહા! આવી વાત સાંભળવા મળવી એ અહો ભાગ્ય છે. મનુષ્યપણાના એક એક સમય મૂલ્યવાન છે, કેમ કે તે આત્માનું હિત કરવા માટે છે.

અલિંગગ્રહણના બોલમાં પણ આ વાત લીધી છે કે ભગવાન આત્માની જે અનંતી પર્યાય છે તે વિશેષરૂપ છે, તેને સામાન્યદ્રવ્ય સ્પર્શતું નથી. અહીં કહે છે કે બેનું જ્ઞાન એક સાથે પર્યાયમાં થવા છતાં અવ્યક્ત વ્યક્તને સ્પર્શે નહીં, કેમ કે તો બે એક થઈ જાય. જયસેનાચાર્યની ૩૨૦ ગાથાની ટીકામાં કહ્યું છે કે ધર્મી સમ્યગ્દર્શનની પર્યાયમાં પર્યાયનું ધ્યાન નથી કરતો, ધ્રુવનું ધ્યાન કરે છે. એ ધ્રુવનું જ્ઞાન પર્યાયમાં આવે છે પણ પર્યાયને ધ્રુવ સ્પર્શતું નથી.

કેવળજ્ઞાનની પર્યાયને પણ ધ્રુવ સ્પર્શતું નથી. નિત્યપ્રભુ પરને તો સ્પર્શે નહીં પણ તેની પોતાની પર્યાયને સ્પર્શે નહીં. જ્યારે અલિંગગ્રહણના ૨૦ માં બોલમાં એમ કહ્યું કે દ્રવ્ય સામાન્યને આત્મા સ્પર્શતો નથી કેમકે આનંદની પર્યાયનું જે વેદન આવ્યું તે જ અમારે તો આત્મા છે. દ્રવ્યસામાન્ય તો જેમ છે એમ છે અમારે તો વેદનમાં પર્યાય આવી તે જ હું છું–એમ ત્યાં વેદનની અપેક્ષાએ વાત કરી છે, કેમ કે પર્યાય પર્યાયને જ સ્પર્શે છે, દ્રવ્યનું વેદન નથી પણ આનંદની પર્યાયનું વેદન છે.

અમારે તો વેદનમાં આવે તે આત્મા, કેમકે દ્રવ્ય સામાન્ય છે તે વેદનમાં આવતું નથી. અહીં વ્યક્તને દ્રવ્ય સ્પર્શતું નથી ને ૨૦ માં બોલમાં દ્રવ્યસામાન્યને આત્મા સ્પર્શતો નથી કે ૩ જી ગાથામાં કહ્યું કે દ્રવ્ય પોતાના ગુણ–પર્યાયને સ્પર્શે છે, અપેક્ષા સમજવી જોઈએ. ૩ જી ગાથામાં પરદ્રવ્યથી ભિન્ન બતાવ્યો છે જ્યારે ૨૦માં બોલમાં તથા અહીં દ્રવ્ય ને પર્યાયની ભિન્નતા બતાવવી છે.

દ્રવ્ય ને પર્યાયનું જ્ઞાન મિશ્રિત છે, એક સાથે છે પણ પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. શ્રી સમયસારની ૧૭–૧૮ ગાથામાં આબાળ ગોપાળ સર્વને પોતાની પર્યાયમાં આત્મા જણાય છે એમ કહ્યું, કેમ કે જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક હોવાથી જ્ઞાયક ભલે પર્યાયમાં આવતો નથી પણ જ્ઞાયક જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય થાય છે. પરંતુ

અજ્ઞાનીની દ્રષ્ટિ પર ને રાગ ઉપર પડી હોવાથી પર જણાય છે એમ ભ્રમણા કરે છે. અહીં પણ કહે છે કે જ્ઞાનની પર્યાયમાં એક સાથે દ્રવ્ય અને નિર્મળ પર્યાય જણાય છે. પરંતુ અહીં દ્રષ્ટિનો વિષય બતાવવો હોવાથી કહે છે કે બન્ને એક સાથે જણાવા છતાં વ્યક્તને જે સ્પર્શતું નથી એવા અવ્યક્તને હે શિષ્ય! તું જાણ, તે જ ઉપાદેય કરવા લાયક છે.

જેને (–પર્યાયને) દ્રવ્ય સ્પર્શતું નથી એ પર્યાયમાં ઉપાદેય દ્રવ્યને કહ્યું છે. આ સમજાય એવી વાત છે, અંતરમાં રુચિનું પોષણ થવું જોઈએ. અહીં એમ કહ્યું કે પર્યાયનું ને દ્રવ્યનું જ્ઞાન એક સમયમાં એક સાથે પર્યાયમાં થવા છતાં અવ્યક્ત છે તે વ્યક્તને સ્પર્શતો નથી. –એમ કહીને અવ્યક્તને બતાવ્યો છે. જાણવામાં–જ્ઞાનની નિર્મળ પર્યાયમાં અવ્યક્ત જાણ્યો છે છતાં પર્યાયને અવ્યક્ત સ્પર્શતો નથી. દ્રવ્ય પર્યાયને સ્પર્શે તો નુકશાન શું?–કે તો બેની ભિન્નતા છે તે નહીં રહે, ધર્મી અને ધર્મ બે ચીજ છે તે ન રહે.

આ સમયસાર! આહોહો! જગતના ભાગ્ય કે આવું શાસ્ત્ર રહી ગયું! જેણે જગતને ભગવાન ભેટ આપ્યો છે એ સમયસારની ત્રીજી ગાથામાં દ્રવ્ય પોતાના ગુણ પર્યાયને સ્પર્શે છે. અહીં પાંચમાં બોલમાં કહે છે કે અવ્યક્ત છે તે વ્યક્તને સ્પર્શતો નથી. આનંદની પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી. જેને અક્ષય અમેય કહેવાય છે એવી પર્યાયને અવ્યક્ત સ્પર્શતું નથી તેને હે શિષ્ય! તું જાણ. જાણ કહેતાં પર્યાય સિદ્ધ થઈ પણ જાણે કોને? –કે જે પર્યાયને સ્પર્શતું નથી એવા અવ્યક્તને જાણે.

## [ ૬ ]

## પોતે પોતાથી જ બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો હોવા છતાં પણ વ્યક્તપણા પ્રતિ ઉદાસીનપણે પ્રદ્યોતમાન (પ્રકાશમાન) છે માટે અવ્યક્ત છે.

પોતે પોતાથી જ એટલે કે સમ્યગ્દર્શન–જ્ઞાનના કાળે પોતે પોતાથી જ બાહ્ય–અભ્યંતર એટલે કે પર્યાય ને દ્રવ્ય અનુભવાઈ રહ્યા છે. પોતાથી જ એમ કહ્યું છે પણ કથંચિત્ પરથી ને કચંચિત્ પોતાથી એમ નથી કહ્યું. પોતે પોતાથી જ બાહ્ય–અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો છે. બાહ્ય એટલે કે પર્યાય અને અભ્યંતર એટલે દ્રવ્ય, અહીં પરની વાત નથી.

અરેરે ! આ જિંદગી એમ ને એમ ચાલી જાય છે, બે–પાંચ કરોડ રૂપિયા હોય પણ હું આત્મા કોણ છું ને કેવો છું એમ સમજે નહીં તો ઢોર જેવી જિંદગી છે. સમયસારની ૧૭–૧૮ મી ગાથામાં તો એમ કહ્યું છે કે આબાળગોપાળ સર્વને પર્યાયમાં જ્ઞાયક દ્રવ્ય અવ્યક્ત છે તે જણાય છે પણ મિથ્યાદ્રષ્ટિની દ્રષ્ટિ બાહ્ય પર છે તેથી તેને અવ્યક્ત જણાતો નથી.

અહીં તો કહે છે દ્રવ્ય અને પર્યાય સ્વયં પ્રત્યક્ષ અનુભવમાં આવી રહ્યા છે. ધ્રુવનો અનુભવ નથી પણ ધ્રુવ જેવું છે તેવું તેનું જ્ઞાન અનુભવમાં આવે છે. અનાદિથી જે પર્યાય પર તરફ ઢળેલી હતી તે પર્યાય અનુભવાતી હતી, હવે એ પર્યાય ધ્રુવ તરફ ઢળી તેથી ધ્રુવ અનુભવાઈ રહ્યું છે તેમ કહ્યું.

દિગમ્બર શાસ્ત્રોમાં અલૌકિક વાતો છે. અહીં કહે છે કે વ્યક્ત અને અવ્યક્ત બન્નેનો અનુભવ થાય છે. સ્વ અને પર બન્ને અનુભવાય છે. પર એટલે કે પર્યાય. પરલક્ષી પર્યાયનો અનુભવ અનાદિથી હતો પણ હવે જ્યાં પર્યાય દ્રવ્ય તરફ ઝૂકી ત્યાં દ્રવ્યનો ને પર્યાયનો અનુભવ થાય છે એમ કહ્યું છે. નિર્મળ પર્યાય ને દ્રવ્ય બન્ને અનુભવાય છે તોપણ પર્યાય પ્રત્યે દ્રવ્ય ઉદાસીન હોવાથી અવ્યક્ત છે. બાહ્ય–અભ્યંતર અનુભવાઈ રહ્યાં છે છતાં વ્યક્તપણા પ્રત્યે ઉદાસીન હોવાથી અવ્યક્ત છે. મહેલ–મકાન તો તારું આસન નથી પણ નિર્મળ પર્યાય પણ તારું આસન–રહેઠાણ નથી, નિર્મળ પર્યાય પ્રત્યે ઉદાસીન છે. વસ્તુ જે નિત્યાનંદ પ્રભુ છે ત્યાં આગળ દ્રષ્ટિનું આસન છે. પર્યાયનું આસન પર્યાયમાં નથી. દ્રષ્ટિએ શુદ્ધ ચૈતન્ય ઉપર આસન લગાવ્યું છે, દ્રષ્ટિ ક્યારેય દ્રવ્ય તરફથી ખસતી નથી.

નિર્મળ પર્યાય ને ત્રિકાળી દ્રવ્યનું જ્ઞાન ને અનુભવ થવા છતાં દ્રષ્ટિનું આસન તો અવ્યક્ત ઉપર છે, વ્યક્તપણા પ્રત્યે ઉદાસીનપણે છે. એ રીતે છ હેતુથી અવ્યક્તપણું સિદ્ધ કર્યું. અવ્યક્ત કહો કે શુદ્ધ–ઉપાદેય આત્મા કહો, તે જ ઉપાદેય છે.

ઘાટકોપર (મુંબઈ) ના પ્રાંગણમાં અત્યંત હર્ષોલ્લાસમય વાતાવરણમાં પૂજ્ય ગુરુદેવશ્રીની ૮૯મી જન્મજયંતી ઉજવાઈ રહી છે. તે પાવન પ્રસંગની ખુશાલીમાં ઘાટકોપર દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળ તરફથી આત્મધર્મના આ અંકના અધિક ખર્ચની પૂર્તિ માટે રૂપિયા ૨૦૦૧/– ભેટ આપવામાં આવ્યા છે.

# 卐 કસોટી 卐

## દિગમ્બર જૈનધર્મની દ્રઢ શ્રદ્ધાવંત શ્રેષ્ઠીકન્યા બંધુશ્રીની વિધર્મી રાજા પ્રત્યેની અત્યંત વિરક્તિ

આ ભરતક્ષેત્રમાં માલવ દેશમાં અમરાવતી સમાન સુંદર ઉજજૈન નગરના રાજા વિશ્વંધરને ગુણપાલ નામનો એક રાજશ્રેષ્ઠી હતો, જેને ઇન્દ્રાણી સમાન સુંદર ધનશ્રી નામની સ્ત્રી હતી. તે બન્નેને લક્ષ્મી અને સરસ્વતી સમાન ગુણશાળી બંધુશ્રી નામની પુત્રી હતી.

વિશ્વંધરરાજા એક દિવસ વનક્રીડા માટે જઈ રહ્યો હતો, માર્ગમાં તેણે સખીઓની સાથે ક્રીડા કરતી શ્રેષ્ઠીકન્યા બંધુશ્રીને દેખી. આ અનિંદ્ય સુંદરીને દેખતાં જ રાજા કામ પીડિત થઈ ગયો. તે વિચારવા લાગ્યો કે આ દેવાંગના સમાન સુંદરીના અભાવમાં મારે જીવિત રહેવું નિરર્થક છે, એમ વિચારી એક દાસીને બોલાવીને કહ્યું કે તું ગુણપાલ શેઠનાં ઘેર જા અને કહે કે રાજા તમારી પુત્રી બંધુશ્રી સાથે લગ્ન કરવા ઈચ્છે છે, તેથી શીઘ્ર શુભ મુહુર્તમાં લગ્નની તૈયારી કરવા ફરમાવે છે.

દાસી ગુણપાલ શેઠના ઘેર આવીને શેઠને કહે છે કે આપને હું ખુશાલીના સમાચાર આપવા આવી છું. મહારાજા વિશ્વંધર આપની પુત્રી બંધુશ્રી સાથે લગ્ન કરવા ઈચ્છે છે. આપનું ભાગ્ય જાગ્યું છે, મહારાજા જેવા જમાઈ મળવા એ ઓછી ગૌરવની વાત નથી! આપ મહા ભાગ્યશાળી છો, આપની કન્યાના સૌભાગ્યની શું પ્રસંશા કરવી? બંધુશ્રી તો હવે મહારાજાની પટરાણી બનશે.

ગુણપાલ શેઠ દાસીનાં વચનો સાંભળી વિચારવાં લાગ્યા કે કન્યા સદા દિગમ્બર જૈન ધર્મીને જ દેવી જોઈએ. વિધર્મીને કન્યા આપવી તે મહાપાપ છે. રાજા દિગમ્બર જૈન ધર્મી નથી, વિધર્મી છે તેથી ગમે તેમ થાવ પણ હું વિધર્મીરાજાને મારી કન્યા નહિ આપું. સંસારીક સુખ માટે ધર્મ વેચી ન શકાય. ધર્મ જ સંસારથી ઉદ્ધાર કરનારો છે, ધર્મ જ જીવનનો સાથી છે, એના વિના જીવવું નિરર્થક છે. જે વ્યક્તિ સંસારીક પ્રલોભનમાં આવીને પોતાની કન્યા વિધર્મીને આપે છે તે નિંદનીય છે. અત્યાર સુધી બંધુશ્રીએ વીતરાગી પ્રભુની સેવા–પૂજા ઉપાસના–ભક્તિ આદિ કર્યું છે, હવે તે વિધર્મીને ત્યાં જવાથી કેવી રીતે પોતાના ધર્મની રક્ષા કરી શકશે? શું વાસના માટે ધર્મને વેચી શકાશે? નહિ, નહિ, કદાપિ ધર્મ વેચી ન શકાય. હું મારી કન્યાના જૈન ધર્માનુયાયીની સાથે જ લગ્ન કરીશ, ભલે તે ગરીબ કેમ ન હોય! ધન તો સંસારીક

વસ્તુ છે. આજે છે ને કાલ નહિ હોય, એનો શું ભરોંસો? પરંતુ દિગમ્બર જૈનધર્મ શાશ્વત વસ્તુ છે, એ જ આત્માનો સાથી છે, એને છોડીને કોઈ પણ પદાર્થ પોતાનો નથી. એમ વિચારસાગરમાં મગ્ન થઈ ગુણમાલ શેઠ વ્યથીત થઈ ગયા. તેમણે રાજાની દાસીને મીઠા વચનોથી સમજાવીને વિદાય કરી.

પછી શેઠે પોતાની પત્નીને બોલાવીને તેનો અભિપ્રાય જાણવા કહેવા લાગ્યા કે મહાપ્રતાપી વિશ્વંધર મહારાજા બંધુશ્રી સાથે વિવાહ કરવા માગે છે તે આપણે માટે કેટલી ગૌરવની વાત છે! બંધુશ્રી પટરાણી બનશે, રાજદરબારમાં અમારું માન રહેશે, તેથી જલ્દીથી બંધુશ્રીના લગ્નની તૈયારી કરવી જોઈએ.

ત્યારે ધનશ્રી કહે છે કે સ્વામીન, આજ આપને આ શું થઈ ગયું? આપે નશો તો નથી કર્યો ને? આપ આપના મુખેથી કેવી વિચિત્ર વાત કરી રહ્યા છો? રાજા વિશ્વંધર વિધર્મી છે, મિથ્યાદ્રષ્ટિ છે. તેની સાથે મારી પુત્રીના લગ્ન કદાપી નહિ જ થઈ શકે. વીતરાગી પ્રભુની સેવા વિના, રૂપ લાવણ્ય, વિદ્યા, ધન, વૈભવ, આદિ બધું વ્યર્થ છે. મદોન્મત્ત હાથીના પગ નીચે દબાઈને મરવું સારું પણ વિધર્મીની સાથે દીકરીના લગ્ન કરવા તે સારું નહિ. જે વ્યક્તિ ધર્મની અપેક્ષાએ રાજ્ય અને વૈભવને મહત્ત્વ આપે છે તે હલકી કોટીનો છે, કેમ કે દિ. જૈનધર્મની પાસે રાજ્ય વૈભવ તુચ્છ વસ્તુ છે, એ ક્ષણિક વૈભવની તુલના દિ. જૈનધર્મની સાથે થઈ શકે નહિ.

આશ્ચર્ય થાય છે કે સ્વામી! આપ દિ. જૈનધર્મના મર્મજ્ઞ હોવા છતાં બાહ્ય ઐશ્વર્યને મહત્તા આપી રહ્યા છો! અનિત્ય સુખને આપે હિતકર માની લીધા! શું આપ બંધુશ્રીને નરકમાં નાંખવા ઈચ્છો છો? આપણી પુત્રી બહુ જ ધર્માનુરાગી છે. જો તેના વિવાહ વિધર્મીની સાથે થશે તો તેનો ઉદ્ધાર થવો અસંભવ છે. સંસારમાં અનંતકાળ પરિભ્રમણ કરતાં કરતાં મહાન કઠિનતાથી દિ. જૈનધર્મની પ્રાપ્તિ થાય છે, જે વ્યક્તિ દિ. જૈનધર્મ પામીને પોતાનું કલ્યાણ કરતો નથી તેના સમાન મૂર્ખ બીજો કોણ હોઈ શકે? વિધર્મી રાજાની સાથે આપણી કન્યાના લગ્ન કરવા એટલે કન્યા સિંહને સમર્પણ કરવા સમાન છે સમજાતું નથી કે આપ સંપત્તિમાં કેમ મુગ્ધ થઈ ગયા છો? ધન–વૈભવ પ્રાપ્ત કરવામાં કાંઈ મહેનત પડતી નથી પરંતુ ધર્મ પ્રાપ્ત કરવામાં તો ઘણી મહેનત કરવી પડે છે. મને દ્રઢ વિશ્વાસ છે કે દિ. જૈનધર્મીને સારા સંસારમાં વૈભવ સ્વયં પ્રાપ્ત થઈ જાય છે. વિભૂતીઓ તેના ચરણની દાસી બની જાય છે. ક્ષણિક ઐશ્વર્યને દેખીને દિ. જૈનધર્મને છોડી ધ્યે છે તે, કાચનું સૌંદર્ય દેખીને માણેકને છોડી દેનારા જેવો છે.

મિથ્યાદ્રષ્ટિનો વૈભવ સ્થિર નથી રહેતો, થોડા જ દિવસમાં તેની સંપત્તિ નાશ થઈ

જાય છે ને ઘરઘરનો ભીખારી થઈ ભટકે છે, ઐશ્વર્ય હોવું તે કાંઈ મોટાઈ નથી પણ સાચા દિ. જૈન ધર્મને ધારણ કરવાથી જ મનુષ્ય મોટો–મહાન ગણાય છે.

આપ બુદ્ધિમાન છો, ધર્માત્મા છો, ધર્મનું વાસ્તવિક સ્વરૂપ જાણનારા છો, તોપણ આપને આવો ભ્રમ કેમ થયો? આપ સ્વયં વિચાર કરો, મારી વાત કેમ લાગે છે? હું આપને શું ઉપદેશ આપી શકું? આપ વિશેષજ્ઞ છો, શાસ્ત્રની મર્યાદાના જાણનાર છો એથી આપની આજ્ઞા જ મારે શીરોધાર્ય છે, મેં તો ફકત મારા વિચારો આપની સમક્ષ રજુ કર્યા છે.

એ સાંભળીને ગુણપાલ શેઠ પોતાની પત્નીને કહે છે કે તમારી બુદ્ધિ અને ઉચ્ચ વિચારો જાણી મારા હૃદયમાં અત્યંત પ્રસન્નતા થાય છે. મેં તો ફકત તમારી પરીક્ષા લીધી હતી. વિધર્મીને કન્યા દેવાના પક્ષમાં હું બીલકુલ નથી, મારો વિચાર સાધર્મીની સાથે જ કન્યાના વિવાહ કરવાનો છે. હવે બંધુશ્રીને બોલાવીને તેના વિચારો પણ જાણી લેવા જોઈએ કેમ કે વિવાહમાં કન્યાની સલાહ લેવી પણ જરૂરી છે.

ગુણપાલશેઠે બંધુશ્રીને બોલાવીને પ્રેમપૂર્વક કહ્યું, બેટી! તારી સમાન કોણ પુણ્યવાન હશે? માલવનરેશે જ સ્વયં તારી સાથે વિવાહ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે અને વિવાહ થયા બાદ તુરત જ તને પટરાણીનું પદ અર્પણ કરશે, સમસ્ત રાજ્યસુખને તું ભોગવીશ, અમારું પણ ભાગ્ય જાગશે ને સમસ્ત દેશ અમારું સન્માન કરશે. રાજા પણ અને ઉચ્ચ આસન આપશે અને જ્યારે તારા પુત્રને રાજ્ય–શાસન મળશે ત્યારે તો અમારી પ્રતિષ્ઠા ઘણી જ વધી જશે. બેટી! અમે ધન્ય છીએ કે તારા જેવી કન્યા અમને પ્રાપ્ત થઈ છે. આજ અમારી જેવું સૌભાગ્યશાળી કોણ હશે? પુણ્યાત્માને જ આવો સુઅવસર પ્રાપ્ત થાય છે.

પ્તિાશ્રીના આવા ઊલટા શબ્દો સાંભળીને બંધુશ્રી ખેદથી કહે છે કે પ્તિાજી! ક્ષમા કરજો, આજે આપને આ શું થઈ ગયું છે? આપ મને સંસારીક વૈભવમાં લોભાવા માગો છો? આપ વિધર્મીની સાથે મારા લગ્ન કરીને મારા ધર્મને નષ્ટ કરવા ઈચ્છો છો? હું વાસનાલોલુપી નથી, ધર્મને કોડીના મોલથી વેચવો એ બુદ્ધિમાનીનું કામ નથી. શું આપ નથી જાણતા કે આ દિગમ્બર જૈનધર્મ જ દરેક પ્રાણીઓનું હિત કરવાવાળો છે! આ ધર્મ જ ત્રિભુવનમાં ઉત્તમ, પૂજ્ય અને વંદનીય છે. સમસ્ત સુખને દેવાવાળો આ દિ. જૈનધર્મ જ છે. આ ઉત્તમ ધર્મને ધારણ કરવાથી જ મોક્ષલક્ષ્મી પ્રાપ્ત થાય છે. આવો જૈનધર્મ મહાન પુણ્યોદયથી જ પ્રાપ્ત થાય છે.

પ્તિાજી! ધ્યાનથી સાંભળજો, હું આપને દિગમ્બર જૈન ધર્મની દ્રઢતાનો એક પ્રસંગ સંભળાવું છે. આવા તો અનેક પ્રસંગો પૂર્વે બની ગયા છે.

મહારાણી ચેલના રાજગૃહીમાં આવીને મહારાજ શ્રેણીક સાથે લગ્નથી જોડાય છે ને અચાનક તેનું ધ્યાન જાય છે કે મહારાજ શ્રેણીકનું ઘર પરમ પવિત્ર જૈન ધર્મથી રહિત છે. હાય! પુત્ર અભયકુમારે મહાન બુરું કર્યું, મારા નગરમાં છળથી જૈન ધર્મનો વૈભવ બતાવી મને ભોલાભાલીને છેતરી દીધી. અહા! જે ઘરમાં પવિત્ર જિનધર્મની પ્રવૃત્તિ છે તે જ ઘર ખરેખર ઉત્તમ છે, પરંતુ જ્યાં પવિત્ર જૈનધર્મની પ્રવૃત્તિ નથી તે ઘર રાજમહેલ હોય તોપણ કદી ઉત્તમ કહી શકાતું નથી પરંતુ પક્ષીઓના માળા સમાન છે. સંસારમાં ધર્મ હોય અને ધન ન હોય તો ધર્મની પાસે ધન ન હોવું તો સારું છે પરંતુ ધર્મ વિના અતિશય મનોહર સંસારીક સુખનું કેન્દ્ર એવું ચક્રવર્તીપણું પણ સારું નથી. ભયંકર વનમાં નિવાસ કરવો ઉત્તમ છે, અગ્નિમાં બળવાથી કે વિષથી મૃત્યુ થાય તે સારું છે તથા અજગરના મુખમાં પ્રવેશથી કે પર્વત ઉપરથી પડવાથી મૃત્યુ થાય તે સારું છે. તેમજ સમુદ્રમાં ડુબવાથી મરણ થાય તે સારું છે પરંતુ જૈન ધર્મરહિત જીવન જીવવું સારું નથી. પતિ ભલે કદાચ ઘણા ગુણોનો ભંડાર હો તોપણ તે જિનધર્મી ન હોય તો શું કામનો? કેમ કે કુમાર્ગગામી પતિના સહવાસથી આ ભવમાં, પર ભવમાં અનેક પ્રકારના દુઃખ જ ભોગવવા પડે છે. હાય! પૂર્વ ભવમાં મેં એવા કયા ઘોર પાપો કર્યાં હતા કે જેથી આ ભવમાં મારે જૈનધર્મથી વિમુખ થવું પડયું! આ રીતે જિનધર્મી ચેલના પવિત્ર જૈન ધર્મ રહિત ઘર અને પતિ મળતા મહા વિલાપ કરે છે.

મને મહાન આશ્ચર્ય થઈ રહ્યું છે કે મિથ્યાદ્રષ્ટિની સાથે આપ મારા વિવાહ કરવા કેવી રીતે તૈયાર થઈ ગયા? શું તમે મારું હિત નથી ઈચ્છતા? હિતૈષી થઈને પણ વિધર્મીની સાથે મારો વિવાહ કરવા તૈયાર થયા છો? મારે માટે ધર્મની પાસે રાજ્યવૈભવ રાખ સમાન છે. આજે તમને તમારા સન્માનનો ખ્યાલ આવે છે, પણ વિધર્મીની સાથે મારા વિવાહ કરવા કરતાં આપ મારી હત્યા કરી ધ્યો એ વધુ શ્રેષ્ઠ છે, હું દિ. જૈનધર્મનું પાલન કરતાં કરતાં મારો પ્રાણ દેવો પણ ઉચિત સમજું છું. અરેરે! આપ પ્તિા થઈને પણ મારું અનિષ્ટા કરવા તૈયાર થઈ ગયા છો! શું આ સમયે મારી રક્ષા કોઈ નહીં કરે? એમ કહીને બંધુશ્રી રુદન કરવા લાગી.

બંધુશ્રીની ધર્મશ્રદ્ધા દેખીને ગુણપાલ શેઠ પુત્રીને કહે છે કે ધન્ય છે પુત્રી તને! આજ મારું જીવન સફળ થયું. તારી જેવી પુત્રીને પામી હું ઘણો જ ગૌરવ અનુભવું છું. બેટી! આ તો માત્ર તારી પરીક્ષા જ હતી તેમાં તું પૂરેપૂરી સફળ થઈ છો. બેટી! હું જીવતો છું ત્યાં સુધી તારા વિવાહ વિધર્મીની સાથે કદાપી થવા દઈશ નહિ.

ગુણપાલ શેઠ વિચારવા લાગ્યા કે અહીં રહેવાથી રાજા બળપૂર્વક મારી કન્યા સાથે વિવાહ કરી લેશે અને રાજાજ્ઞા ઉલંઘનથી દંડ પણ ભોગવવો પડશે. તેથી આ ગામ છોડીને ચાલ્યા જવાથી પુત્રીની રક્ષા થઈ શકશે. આ પ્રકારે વિચાર કરી ગુણપાલ શેઠ પોતાની એક અબજ ને આઠ કરોડની સંપત્તિ છોડીને પુત્રીને લઈને રાતોરાત પોતાનું ગામ છોડી ચાલી નીકળ્યા!

જ્યારે રાજાને ખબર પડે છે ગુણપાલ શેઠ પોતાની સર્વ સંપત્તિને જેમની તેમ છોડી પોતાની પુત્રીને લઈ ચાલ્યા ગયા છે ત્યારે રાજા વિચારે છે કે એ ધર્માત્મા મને પાપી કુધર્મીને કન્યા દેવાનું ઉચિત સમજ્યા નહિ તેથી અહીંથી ચુપચાપ રાતોરાત ચાલ્યા ગયા, અહો! વાસ્તવમાં દિ જૈન ધર્મ જ જીવોનું કલ્યાણ કરવાવાળો છે. મેં કુધર્મનું સેવન કરી મારું જીવન બરબાદ કર્યું. એ પ્રકારે વિચારતાં રાજાની બુદ્ધિ–રુચિ કુધર્મથી છૂટી ગઈ અને જિનધર્માનુયાયી શેઠ ગુણપાલને શોધવા માટે ચારે બાજુ માણસોને મોકલી દીધા. (શ્રી નયસેનાચાર્ય રચિત ધર્મામૃતના આધારે)

પૂજ્ય ગુરુદેવશ્રી પણ પ્રસંગોપાત વાત નીકળતાં કહે છે કે દિગમ્બર જૈનધર્મ છે તે જ સત્ય સનાતન ધર્મ છે, એ વિનાના બીજા બધા સંપ્રદાયો છે તે વિધર્મી છે, અન્ય ધર્મી છે. એથી જેને દિગમ્બર જૈનધર્મમાં જ પ્રેમ લાગ્યો છે,–તે જ સત્ય ધર્મ લાગ્યો છે, તે પોતાની દીકરીને અન્યધર્મમાં આપે જ નહિ અને જે પોતાની દીકરીને અન્ય ધર્મમાં આપે છે તેણે દિગમ્બર ધર્મ જ એક સત્ય છે એમ વ્યવહારે પણ માન્યું નથી, એના વ્યવહારમાં પણ ખોટું છે.

અરે! દીકરીઓએ ૧૮–૨૦–૨૨ વર્ષ સુધી જિનેન્દ્રદેવનું શરણ લઈને સેવા પૂજા –ભક્તિ–ઉપાસના કરી હોય ને તે દીકરીને અન્ય ધર્મમાં આપતા કુદેવને માથું ધરવું પડશે! શાસ્ત્રોમાં તો કુધર્મમાં દીકરી ન દેવા માટેનું તથા સાધર્મીને પોતાની દીકરી આપીને પણ સહાય કરવાનું ઘણું ઘણું લખાણ આવે છે.

કેટલાક ધન–વૈભવ–માન–મોટાઈ આદિના મોહથી પોતાની દીકરીને અન્ય ધર્મમાં આપે છે ને પછી સમાધાન લ્યે છે કે દીકરીના સાસરીયામાં ધર્મનો આગ્રહ નથી, જમાઈ ધર્મમાં વિઘ્ન કરે તેવો નથી–એવા એવા સમાધાન લ્યે છે ને કાળક્રમે દીકરીને કુધર્મના સમાગમના સંસ્કાર પડી જાય છે ને સત્ય ધર્મના સંસ્કાર ભૂંસાઈ જાય છે. અરેરે! અણમૂલો દિગંબર જૈનધર્મ પામવા છતાં, દિગંબર જૈનધર્મથી વિમુખ થઈને પોતાનો અતિ અતિ દુર્લભ એવો માનવભવ નિરર્થક જાય છે ને ચાર ગતિમાં રખડે છે.

# જ્ઞાયકસ્વભાવી શુદ્ધ આત્માને જાણ

જેને ૮૪ લાખ યોનિની રખડપાટથી છૂટવાની ઝંખના છે એવો પાત્ર શિષ્ય આચાર્ય મહારાજને પ્રશ્ન કરે છે કે પ્રભુ! એ શુદ્ધ આત્મા કોણ છે? -કે જેને જાણવો જોઈએ. તેને કરુણાથી કહે છે કે જેમ દૂધ ને પાણી એક ક્ષેત્રાવગાહે હોવાથી એક જેવા દેખાવા છતાં પોત પોતાના સ્વભાવની અપેક્ષાએ દૂધ તથા પાણી ભિન્ન છે તેમ જે પોતે પોતાથી અનાદિ અનંત નિત્યઉદ્યોતરૂપ પ્રકાશમાન જ્યોતિ છે એવો આત્મા સંસારદશામાં રાગ સાથે એકરૂપ જેવો દેખાવા છતાં જે દ્રવ્યસ્વભાવ છે, જે જ્ઞાયકભાવ છે એ તો રાગરૂપે થયો જ નથી. પ્રમત્ત કે અપ્રમત્ત દશારૂપે જ્ઞાયકભાવ થયો જ નથી. શુભાશુભ ભાવો અચેતન છે ને જ્ઞાયકભાવ ચેતન છે. જો જ્ઞાયકભાવ શુભાશુભપણે પરિણમે તો તે જડરૂપ થઈ જાય. પરંતુ જ્ઞાયકભાવ શુભાશુભપણે પરિણમ્યો જ નથી. એવા જ્ઞાયકભાવને હે શિષ્ય! તું શુદ્ધ આત્મા જાણ.

(તા. ૨૭-૩-૭૮)

---

[ શ્રી સમયસાર ગાથા ૬ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના (મુંબઈના) પ્રવચનમાંથી ]

આ એક સમયસાર સિદ્ધાંત છે. સમયસાર એટલે શુદ્ધ દ્રવ્યસ્વભાવ કે જે શરીર, વાણી, મન ને કર્મ તથા શુભાશુભ રાગથી ભિન્ન છે અને પોતાના કાયમી શુદ્ધ નિર્મળ સ્વભાવથી અભિન્ન છે, તેને બતાવનારું આ શાસ્ત્ર છે. તેમાં ભગવત્ શ્રી કુંદકુંદ આચાર્ય મહારાજ કહે છે કે અમને જે આનંદ ને શાંતિનો સાગર દશામાં ઊછળ્યો છે, પર્યાયમાં આનંદની ભરતી આવી છે, પ્રચુર સ્વસંવેદન છે એ અમારા નિજ વૈભવની મહોર છાપ

છે. એ નિજ વૈભવ અમને ક્યાંથી મળ્યો? કે જે અરિહંત ભગવાન વિજ્ઞાનઘન વસ્તુમાં નિમગ્ન હતા તે પરમાત્માની આ વાણી આવી છે, અમારા ગુરુ પણ વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા. તેમણે અમારા ઉપર મહેરબાની કરીને અમને જે શુદ્ધ આત્માનો ઉપદેશ આપ્યો તેનાથી નિજ વૈભવ પ્રાપ્ત થયો છે.

વસ્તુ નિરાવરણ છે, અખંડ છે, એક છે, પ્રત્યક્ષ પ્રતિભાસમય પરમાત્મ દ્રવ્ય છે, તેનો અમને અમારા ગુરુએ ઉપદેશ આપ્યો છે. વીતરાગ પરમાત્મા તો બહારમાં રહ્યા, નિજ પરમાત્માના અનુભવથી નિજ વૈભવ દેખાડીશ તેને તું અંતરના અનુભવના વેદનમાં પ્રમાણ કરજે–એમ કહ્યું.

પરમાત્માના ઘરનો ઠેઠનો જે ઉપદેશ અમારા ગુરુએ આપ્યો ને અમારી દશામાં પ્રગટયો છે, તે નિજ વૈભવનો હું તને ઉપદેશ કહીશ અને તું તેને અતીન્દ્રિય આનંદના વેદનથી પ્રમાણ કરજે. પૂર્ણાનંદના નાથની હું તને વાત કરીશ પણ જો વ્યાકરણના કોઈ શબ્દોમાં ત્રુટી હોય ને તને ખ્યાલ હોય તો તેમાં રોકાઈશ નહીં પણ શુદ્ધાત્માનો અનુભવ કરીને પ્રમાણ કરજે.

ત્યારે શિષ્ય પ્રશ્ન કરે છે કે એ શુદ્ધ આત્મા કોણ છે કે જેના તમે આટલા વખાણ કરો છો. શિષ્યનો પ્રશ્ન તો જુઓ? પૈસા કેમ મળે કે પુત્ર–પ્રાપ્તિ કેમ થાય?–કે વેઠથી સાંભળવા આવે તેને અહીં લીધો નથી પણ જે શિષ્યના હૃદયમાં જિજ્ઞાસા છે કે શુદ્ધ આત્મા કોણ છે? –એવા શિષ્યને અહીં લીધો છે. શિષ્યની જિજ્ઞાસા અહીં શું છે–કે પ્રભુ! એ શુદ્ધ આત્મા કોણ છે કે જેને જાણવો જોઈએ. એ શુદ્ધ આત્મા કોણ છે કે જેને ચાર ગતિમાં રખડતાં અમે અનંતકાળમાં જાણ્યો નથી. શાસ્ત્ર જાણવા જોઈએ એમ નથી લીધું પણ શુદ્ધ આત્મા જાણવો જોઈએ એમ લીધું છે. ચારગતિના દુઃખમાં શેકાઈ રહ્યાં છીએ પણ એ શુદ્ધ આત્માને અમે જાણ્યો નથી, તો એ શુદ્ધ આત્મા છે કોણ પ્રભુ! ‘કે જેને જાણવો જોઈએ–એમ શિષ્યની જિજ્ઞાસા છે.’

જેને એવો પ્રશ્ન ઊઠે છે કે પ્રભુ! અનંતકાળમાં રખડતાં રખડતાં અમે બીજું બધું અનંતવાર કર્યું, વ્રત–ભક્તિ–દયા–દાન આદિ બધું કર્યું પણ આત્મા હાથ ન આવ્યો તો એ છે કોણ? રાગની મંદતાની રુચિની આડમાં ભગવાન આત્મા જોવાનો રહી ગયો છે એ છે કોણ? –તેને અહીં આચાર્ય મહારાજ ઉત્તર આપે છે.

શિષ્યની પાત્રતા કેટલી? –કે અંતરથી ધગશથી પ્રશ્ન ઉઠવો જોઈએ કે એ શુદ્ધ આત્મા કોણ છે કે જેને જાણવો જોઈએ. એવા પાત્ર શિષ્યને માટે આ ઉત્તર છે,

વેઠથી સાંભળવા આવ્યા હોય તેને માટે આ ઉત્તર નથી.

**નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયક ભાવ છે,**
**એ રીતે ‘શુદ્ધ’ કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે. ૬.**

જે અંદર જ્ઞાયકભાવ પ્રભુ છે તેમાં દયા–દાન–વ્રતના પરિણામ નથી, એ તો નથી પણ જેમાં અપ્રમત્ત કે પ્રમત્ત દશા પણ નથી એવો જ્ઞાયકભાવ છે. જાણક જાણક જાણક ચૈતન્ય ચૈતન્ય સ્વભાવ જ્ઞાકયભાવ છે. સમ્યગ્દર્શનનો વિષય જ્ઞાયકભાવ છે, એ જ્ઞાયકભાવ અપ્રમત્ત કે પ્રમત્ત પણ નથી. જ્ઞાયકભાવમાં ૧૩મું કે ૧૪મું ગુણસ્થાન પણ નથી. જેમ તેલનું ટીપું પાણીના દળમાં પ્રવેશ કરતું નથી તેમ જ્ઞાયકદળમાં પ્રમત્ત–અપ્રમત્ત દશા નથી, કેમ કે જ્ઞાયકભાવ છે તે પ્રમત્ત–અપ્રમત્તરૂપ થતો નથી.

શુભાશુભ ભાવ છે તે જડ છે તેથી જો જ્ઞાયકભાવ શુભાશુભપણે થાય તો જ્ઞાયકભાવ જડપણે થઈ જાય, પણ જ્ઞાયકભાવ જડરૂપે થતો જ નથી. જ્ઞાયકભાવ છે તે શુભાશુભ ભાવરૂપ અચેતનપણે થયો જ નથી. શુભાશુભ ભાવ છે તો આત્માની પર્યાયમાં, પણ તેમાં ચેતનનો અંશ નથી તેથી તે અચેતન છે અને જ્ઞાયકભાવ છે તે અચેતનરૂપ થયો નથી.

જ્ઞાયકભાવ છે તે શુભાશુભપણે થયો જ નથી તેથી જ્ઞાયકભાવ છે તે પ્રમત્ત કે અપ્રમત્ત નથી. શિષ્યનો પ્રશ્ન એમ છે કે જેને જાણતાં શાંતિનું પ્રયોજન સિદ્ધ થાય એવો શુદ્ધ આત્મા કોણ છે?–તેને સંતો કહે છે કે જે સમ્યગ્દર્શનનો વિષય છે એવો જ્ઞાયકભાવ કે જેમાં ૧૩ માં ને ૧૪ માં ગુણસ્થાનની દશાઓ પણ નથી. જે દ્રવ્યસ્વભાવમાં એકથી ચૌદ ગુણસ્થાનની દશા પણ નથી એવો જ્ઞાયકભાવ તે શુદ્ધ આત્મા છે.

જેમ સીઢીના પગથિયા હોય તેમ આત્માની દશાના ચૌદ દશારૂપ પગથિયા છે. તેમાં એકથી છ ગુણસ્થાનની દશા તે પ્રમત્તદશા છે ને સાતથી ચૌદ ગુણસ્થાનની દશા તે અપ્રમત્તદશા છે. પરંતુ એ બધી દશાઓ સમ્યગ્દર્શનના વિષયભૂત જ્ઞાયકભાવમાં નથી. પ્રમત્ત–અપ્રમત્ત દશા જેમાં નથી તેવા દ્રવ્યની દ્રષ્ટિ તેને શુદ્ધ કહે છે. પ્રમત્ત–અપ્રમત્ત દશાઓનું લક્ષ છોડીને ત્રિકાળી જ્ઞાયકભાવનું જે લક્ષ કરે છે તેને શુદ્ધ કહેવામાં આવે છે, જેને દ્રષ્ટિમાં જ્ઞાયકભાવ આવ્યો નથી તેને શુદ્ધ કહેતા નથી.

પર્યાય દ્રષ્ટિ છોડીને જે જ્ઞાયકની દ્રષ્ટિ કરે છે ત્યારે તેને આ ‘શુદ્ધ’ છે તેમ કહેવાય છે. શુદ્ધ છે, પણ જેણે જાણ્યો નથી તેને શુદ્ધ ક્યાંથી આવ્યો? ચૌદ ગુણ–સ્થાનની દશાઓ જેમાં નથી–એ તો નાસ્તિથી થયું, ત્યારે અસ્તિમાં છે શું? –કે જ્ઞાયકભાવ છે. તેની દ્રષ્ટિ કરે ત્યારે શુદ્ધ કહેવાય છે. વસ્તુ છે તે સંપૂર્ણ સર્વજ્ઞ–

સ્વભાવી ભાવ છે, તેની દ્રષ્ટિ કરીને જેણે અવલંબન લીધું તેને શુદ્ધ કહેવામાં આવે છે. પ્રમત્ત–અપ્રમત્તપણાની જેને રુચિ છૂટી ગઈ છે ને એકલો જ્ઞાયકભાવ જેણે દ્રષ્ટિમાં લીધો છે તેને શુદ્ધ કહેવાય છે. પ્રમત્ત–અપ્રમત્ત દશાનું લક્ષ છોડીને જ્ઞાયકનું લક્ષ કરતાં જ્ઞાયકનું જ્ઞાન થાય છે તેને શુદ્ધ કહેવાય છે.

સમ્યગ્દ્રષ્ટિ છે, મુનિ છે, તેને જ્યાં સુધી કેવળજ્ઞાન થયું નથી ત્યાં સુધી રાગ આવે છે તેને ધર્મી જાણે છે પણ એ રાગ તેનું કાર્ય છે એમ જાણતો નથી. જ્ઞાયકનું જ્ઞાન થયું છે ને સાથે જે રાગ છે તે સંબંધીનું જ્ઞાન પણ થયું છે પણ તેથી રાગ છે તે કર્મ છે તેમ નથી. જાણક સ્વરૂપ છે તે જ્ઞાયકપણે જણાયો તે તો તે જ છે એટલે કે સમ્યગ્દર્શન થયું ત્યારે સ્વનું જ્ઞાન થયું ને તે સમયે જે રાગનું જ્ઞાન થયું તે રાગનું જ્ઞાન નથી પણ જ્ઞાનનું જ્ઞાન છે, જાણનારો જ્ઞાયકભાવ છે તે જણાયો ને તે વખતે રાગનું જ્ઞાન થયું છતાં જાણનારો તો જાણનારો જ છે.

શુદ્ધ ચૈતન્યનું જ્ઞાન શુદ્ધ દશામાં થયું તે વખતનું જ્ઞાન જ્ઞાયકને પણ જાણે છે ને રાગાદિને પણ જાણે છે છતાં તે જ્ઞાન પરનું નથી, તે જ્ઞાન તો જ્ઞાનનું જ છે. ચૈતન્યસ્વરૂપની દ્રષ્ટિ થતાં પર્યાયમાં સ્વ–પરનું જ્ઞાન પ્રગટયું ત્યારે પરનું જાણવું થયું તે સ્વ જ છે એટલે કે રાગ સંબંધીનું જ્ઞાન થયું તે રાગના લઈને થયું છે કે તે રાગનું જ્ઞાન છે તેમ નથી પણ જ્ઞાનનું જ જ્ઞાન છે.

## * પોતે પોતાથી અનાદિ અનંત નિત્ય ઉદ્યોતરૂપ છે*

પહેલાં ગાથાની સામાન્ય વ્યાખ્યા કરી, હવે વિશેષ સ્પષ્ટીકરણ કરે છે કે આ આત્મા છે તે પોતે પોતાથી જ છે, તેનો કર્તા કોઈ ઈશ્વર આદિ નથી. પોતે પોતાથી જ સ્વયં સિદ્ધ આત્મા છે. તેથી કોઈથી ઉત્પન્ન કરાયો નથી પરંતુ અનાદિ અનંત જેવો છે તેવો જ પોતાથી છે. પોતે નિત્ય છે તેમ દ્રષ્ટિ કરતો નથી ને પર ચીજને નિત્ય કરવા માગે છે એટલે કે રાખવા માગે છે તે તેની મુર્ખતા છે.

પૂર્ણાનંદનો નાથ કે જેને અશુદ્ધતા નથી, આવરણ નથી કે ઉણપ નથી એવો આત્મા સ્વયં પોતે પોતાથી જ હોવાથી અનાદિ સત્તારૂપ છે અને ભવિષ્યમાં કદી નાશ નહીં પામનારો હોવાથી અનંત છે અને ક્ષણિક નહીં હોવાથી નિત્ય ઉદ્યોતરૂપ છે. આત્મા કેવો છે તેનો આ ઉત્તર ચાલે છે. ભૂત, ભવિષ્ય ને વર્તમાન અપેક્ષાએ અનાદિ, અનંત અને નિત્ય ઉદ્યોતરૂપ કહીને હવે કહે છે કે સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે, નિરાવરણ જ્યોતિ છે. વસ્તુને આવરણ, ઉણપ કે અશુદ્ધતા શું હોય? –એવો જ્ઞાયક પ્રભુ છે.

ધ્રુવ ધ્રુવ જાણક જાણક એવા પ્રવાહરૂપ જ્ઞાયક છે કે જેમાં રાગ તો નથી પણ એક સમયની પર્યાય પણ તેમાં નથી.

## ક્ષીરનીરની માફક, સંસારદશામાં રાગ સાથે એકરૂપ જેવો દેખાવા છતાં જ્ઞાયકભાવ રાગરૂપ થયો નથી

જાણનાર જાણનાર જાણનાર એવો ધ્રુવ જ્ઞાયક એકરૂપ ભાવ તે આત્મા છે. તે સમ્યગ્દર્શનનો વિષય છે. એકલો જ્ઞાનાનંદ ભાવ, એકરૂપ ભાવ તે વસ્તુ છે. આવી વસ્તુ હોવા છતાં તેની વર્તમાન દશામાં રાગનો બંધ છે એવું બંધના નિરૂપણથી એટલે કે કથન અપેક્ષાથી, દૂધને પાણીની જેમ જાણે રાગની સાથે એકરૂપ દેખાય છે. કેમ કે જ્ઞાયક ઉપર જેને નજર પડી નથી તેને રાગવાળો દેખાય છે. સંસારદશામાં અનાદિ બંધપર્યાયની અપેક્ષાએ–એમ કેમ કહ્યું ? કે અનાદિથી અશુદ્ધ અવસ્થા છે, પહેલાં શુદ્ધ હતો ને પછી અશુદ્ધ થયો છે એમ નથી એ સિદ્ધ કરવા એમ કહ્યું છે.

આમ હોવા છતાં જેમ દૂધના સ્વભાવની અપેક્ષાએ જોઈએ તો દૂધ તો દૂધરૂપે જ છે, પાણીરૂપે થયું નથી. તેમ કર્મના નિમિત્તે સંસારીક પ્રવૃત્તિ રાગ હોવા છતાં અનાદિથી પર્યાયમાં રાગમિશ્રિત દશા હોવા છતાં, તેના દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ જોઈએ તો વસ્તુ શુભાશુભ ભાવરૂપે થઈ નથી.

## * શુભાશુભ ભાવરૂપે જ્ઞાયક પરિણમતો નથી *

પુણ્ય–પાપનું કષાયચક્ર દુરંત છે. ચક્ર એટલે કે શુભ ને અશુભ. શુભ ને અશુભ –એમ કષાયનું ચક્ર ચાલ્યા જ કરેછે. અનંતવાર શુભનું ચક્ર ને અશુભનું ચક્ર ફરી ગયું છે, એ કાંઈ નવું નથી, એનો અંત લાવવો એ દૂર અંત છે અર્થાત્ એ ચક્રમાંથી નીકળવું, એ અનંત પુરુષાર્થ છે. જેમ બે–ઈંચ લાંબી ઈયળના છેડાનો ભાગ પાંચ મણ પત્થર નીચે દબાયો હોય તો તેની નીચેથી છૂટવું નીકળવું ઘણું દુષ્કર છે. તેમ પુણ્ય પાપના કષાયચક્રનો અંત લાવવો દુરંત છે. અનંતવાર દયા–દાન તથા પાપભાવ કર્યાં પણ તે કષાયચક્ર છે. અરેરે ! ભવના અભાવના આ ટાણા આવ્યા ત્યારે આ વાત નહીં સમજે તો ક્યારે સમજીશ ભાઈ !

અહીં કહે છે કે વિકલ્પની વિચિત્રતાના વશે પ્રવર્તતા પુણ્ય–પાપને ઉત્પન્ન કરનાર શુભાશુભરૂપે જ્ઞાયક પરિણમતો નથી. દુરંત કષાયચક્રના વિકલ્પના વશે પ્રવર્તતા જે પુણ્ય–પાપ તેને ઉત્પન્ન કરનાર સમસ્ત શુભાશુભ ભાવે જ્ઞાયક પરિણમતો નથી. જ્ઞાયકભાવ એક છે ને શુભાશુભ અનેક છે, તેથી જે જ્ઞાયકભાવ છે તે સમસ્ત અનેકરૂપ શુભાશુભ–

ભાવે થયો નથી. પર્યાયમાં શુભાશુભભાવ ભલે હો પણ વસ્તુના સ્વભાવે જોઈએ તો જ્ઞાયકભાવ શુભાશુભના સ્વભાવે પરિણમતો નથી. ત્રિકાળી ચૈતન્ય જ્યોતિના સ્વભાવભાવે જોતાં, પર્યાયમાં શુભ-અશુભ પરિણામે પરિણમવા છતાં, વસ્તુ છે તે શુભાશુભભાવે કદી પરિણમતી નથી. જ્યાં દ્રષ્ટિ કરવી છે તે જ્ઞાયક વસ્તુ એવી ને એવી રહી છે. પાણીને પાણીની દ્રષ્ટિએ જોઈએ તો પાણી કદી મેલું થયું નથી, કેમ કે પાણી મેલું થાય તો મેલ-મલિનતા કદી જાય નહીં. વર્તમાનમાં કાદવ સહિતની દશા છે, મલિનતા છે ખરી, તોપણ પાણીના સ્વભાવની દ્રષ્ટિએ જોઈએ તો પાણીના દળની શુદ્ધતા તો શુદ્ધ જ છે, પાણીના દળમાં તેલના ટીપા નાખે તો ઉપર જ રહે છે. તેમ જ્ઞાયક સ્વભાવમાં પર્યાયમાં ઉપર ઉપર અશુદ્ધતા અનાદિની હોવા છતાં વસ્તુના સ્વભાવે જોતાં વસ્તુ છે તે પુણ્ય-પાપરૂપે થઈ નથી. એવી વસ્તુની દ્રષ્ટિ કરતાં આત્મજ્ઞાન થાય છે એમ આચાર્યદેવ શિષ્યને ઉત્તર કહે છે.

જેમ પાણી છે તે મેલરૂપે થતું નથી તેમ જ્ઞાયકભાવ છે તે જડરૂપે થતો નથી, શુભાશુભભાવ જડરૂપે છે તેમ અહીં કહ્યું છે. જડ એટલે સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળા છે તેમ નહીં પણ તેમાં ચૈતન્યના અંશનો અભાવ છે તેથી જડ છે. પુદ્‌ગલ પરમાણુ પણ જડ છે, ધર્માસ્તિકાય અદિ પણ જડ છે ને આ શુભાશુભભાવ પણ ચૈતન્યના અભાવરૂપ જડ છે. દયા-દાન આદિનો ભાવ તે રાગ છે, એ રાગ પોતે પોતાને જાણતો નથી, રાગ ચૈતન્યને જાણતો નથી અને રાગ ચૈતન્ય વડે જણાય છે માટે રાગ છે તે જડ છે.

## * જ્ઞાયકભાવ શુભાશુભપણે થાય તો તે અચેતન થઈ જાય *

ભગવાન તું તો ગુણનો ગોદામ છે, પુણ્ય-પાપના ભાવનો તું ગોદામ નહીં. ભગવાન આત્મા જ્ઞાયકભાવરૂપ છે ને શુભાશુભ અચેતન છે, જ્ઞાયકભાવ શુભાશુભપણે થાય તો ચેતન છે તે અચેતન થઈ જાય. જાણક જાણક ભાવ તે અજાણક એવા શુભાશુભભાવે થાય તો તે અચેતન થઈ જાય. માટે જ્ઞાયક તે તો જ્ઞાયક જ રહ્યો છે કે જે સમ્યગ્દર્શનનો વિષય છે.

જ્ઞાયકભાવ છે તે જડરૂપે થયો નથી. ચેતન છે તે અચેતન એવા શુભાશુભપણે થયો નથી. શરીર કે કર્મપણે તો થયો નથી પણ સર્વજ્ઞ સ્વભાવનો નાથ એવું તત્ત્વ પુણ્ય-પાપના ભાવરૂપે પણ થયું નથી-એવા આત્માને તારે જાણવો જોઈએ. એમ શિષ્ય કહે છે.

ચૈતન્ય જ્ઞાયક પ્રભુ, વર્તમાન હાલતમાં શુભાશુભ વિકારી ભાવ હોવા છતાં, તે રૂપે થતો નથી. જેણે આત્મજ્ઞાન કરવું છે. તેણે આ રીતે અનુભવ કરીને નક્કી કરવું

પડશે. દુઃખરૂપે જ્ઞાયકભાવ થતો નથી અને અંદરમાં દયાદાનના ભાવ થાય તે રૂપે જ્ઞાયકભાવ થતો નથી. જો જ્ઞાયક તે રૂપે થાય તો જ્ઞાયક જડ થઈ જાય.

શુભ ને અશુભ બન્ને પ્રકારના ભાવો દુઃખરૂપ છે, આનંદ સ્વરૂપ ભગવાન આત્મા તે રૂપ થયો નથી. વર્તમાન હાલત–દશા દુઃખરૂપ થઈ છે પણ વસ્તુ છે તે દુઃખરૂપ થઈ નથી. જાણનાર જાણનાર જ્ઞાયકભાવ અતીન્દ્રિય આનંદનો નાથ છે પણ કોઈ દિ' તેની નજર કરી નથી. તેની તેં રુચિ કરી નથી. જેનો સ્વભાવ અપરિમિત જ્ઞાનાનંદ છે એવો આત્મા, વર્તમાન સંસારદશામાં પર્યાયમાં વિકારરૂપ પરિણમ્યો છે છતાં, તે વિકારરૂપ પરિણમ્યો નથી. વસ્તુ તરીકે જ્ઞાયક એક ભાવ છે ને તેની દશામાં જે શુભાશુભ ભાવ છે તે અનેકભાવ છે, તેથી સ્વ–પરપ્રકાશક સ્વભાવી એક જ્ઞાયકભાવ અનેકરૂપ શુભાશુભભાવપણે થયો જ નથી.

શિષ્યનો જે પ્રશ્ન હતો. તેનો આ ઉત્તર છે. જ્ઞાયકભાવ છે તે શુભ–અશુભપણે પરિણમતો જ નથી. કેમ કે શુભ–અશુભમાં જ્ઞાન નથી, દર્શન નથી, આનંદ નથી. એ તો જડ અચેતનરૂપ છે. સર્વજ્ઞ પરમાત્માની વાણીમાં આ હુકમ–ફરમાન આવ્યું કે પ્રભુ તું કોણ ? –કે તું જ્ઞાયક છો કે જે શુભાશુભભાવમાં આવ્યો નથી. જે સ્વપરપ્રકાશક સ્વરૂપ છે તે, જે સ્વપરપ્રકાશક સ્વરૂપ નથી તે રૂપે થયો નથી, એટલે કે અજ્ઞાનદશામાં પણ જે જાણનારો પ્રભુ છે તે શુભાશુભમાં આવ્યો નથી. હિંસા–જૂઠું, ભોગ–વાસનાના અશુભ–ભાવમાં તો ચૈતન્યપ્રભુ આવ્યો નથી પણ દયા–દાન–વ્રત આદિના શુભભાવમાં પણ ચૈતન્યપ્રભુ આવ્યો નથી.

પ્રભુ ! તું કોણ છો એની તને ખબર નથી. તારી પૂરી વાત સર્વજ્ઞ પણ વાણીમાં કહી શક્યા નથી એવો તું મહાન છો, પણ તું અનુભવ કરે તો તને જાણે એવો છો. જ્ઞાયકભાવ શુભાશુભરૂપે થયો નથી તેથી તું ત્યાં દ્રષ્ટિ કરે તો તને મળે એવો તું છો. જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય ? ત્યાં નજર કર તો તને જરૂર પ્રાપ્ત થશે જ.

## સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવથી ભિન્નપણે જ્ઞાયકભાવને ઉપાસવામાં આવતાં તે 'શુદ્ધ' કહેવાય છે.

જ્ઞાયકભાવ છે તે શુભાશુભરૂપે થયો નથી તેથી તે પ્રમત્ત–અપ્રમત્ત નથી. શુભાશુભભાવપણે થયો નથી તેથી ૧૪ ગુણસ્થાનના ભેદ પણ તેમાં નથી. જ્ઞાયકભાવ, ધ્રુવભાવ શુભાશુભપણે થયો નથી તેથી તે પ્રમત્ત પણ નથી ને અપ્રમત્ત પણ નથી. ચૌદ ગુણસ્થાનના ભેદો પ્રમત્ત–અપ્રમત્તપણું વસ્તુમાં નથી. નિત્યાનંદ પ્રભુ શુભાશુભપણે થયો નથી તેથી જ્ઞાયકભાવમાં પ્રમત્ત–અપ્રમત્તના ભેદો નથી એવા જ્ઞાયકભાવને સમસ્ત અન્ય

દ્રવ્યોના ભાવોથી એટલે કે કર્મના નિમિત્તે થતાં ક્રોધ–માન–માયા–લોભ આદિ સમસ્ત ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતાં અર્થાત્ રાગથી ભિન્નપણે દેવધિદેવને ઉપાસવામાં આવતાં, દ્રષ્ટિનું ધ્યેય બનાવવામાં આવતાં તે ‘શુદ્ધ’ કહેવાય છે. જ્ઞાયક તો શુદ્ધ જ છે પણ તેને ઉપાસવામાં આવતાં તે ‘શુદ્ધ’ કહેવાય છે.

શુદ્ધ છે પણ કોને ?–કે વિકલ્પથી ભિન્ન પડી તેને દ્રષ્ટિમાં ધ્યેય બનાવીને શુદ્ધ છે એમ અનુભવ કરવામાં આવે તેને તે શુદ્ધ છે. શુદ્ધ છે એમ દ્રષ્ટિમાં જેને સ્વીકાર આવ્યો છે તેને તે શુદ્ધ છે. પ્રમત્ત–અપ્રમત્ત નથી એવા જ્ઞાયકભાવને રાગથી ભિન્ન પડીને પર્યાયમાં અનુભવવામાં આવે તેને તે શુદ્ધ કહેવાય છે.

સ્વપરપ્રકાશનો પુંજ પ્રભુ તો શુદ્ધ જ છે પણ તેને રાગથી ભિન્ન પડીને ઉપાસવામાં આવે તેને તે શુદ્ધ છે. સમસ્ત પરદ્રવ્યથી ભિન્ન પડીને સ્વમાં એકાગ્રતા કરતાં શુદ્ધતા પ્રગટે છે તેને તે શુદ્ધ છે. રાગના વિકલ્પપણે થયો નથી માટે રાગાદિથી ભિન્ન પડીને જ્ઞાયકને સેવવામાં આવતાં પર્યાયમાં શુદ્ધતાનો નમુનો આવ્યો તેને તે શુદ્ધ છે એમ પ્રતીતિમાં આવે છે. વિકલ્પવાળાને તે શુદ્ધ છે એમ પ્રતીતિમાં આવતો નથી એમ આચાર્યદેવ શિષ્યને ઉત્તર આપે છે.

પ્રભુ! તને આ મનુષ્યભવ ને સાંભળવાનો યોગ તથા વિચારવાનો ક્ષયોપશમ મળ્યો છે તો હવે રાગથી ભિન્ન પડીને એટલે કે પર્યાયબુદ્ધિ છોડીને દ્રવ્યદ્રષ્ટિ કર. ભાઈ! વીતરાગ સર્વજ્ઞે કહેલાં તત્ત્વો કોઈ ચમત્કારીક છે. પ્રભુ! તારે જન્મ–મરણના દુઃખ ટાળવા હોય ને મુક્તિ એટલે કે પરમાનંદની પ્રાપ્તિ કરવી હોય તો આ એક જ ઉપાય છે કે શુભાશુભથી ભિન્ન પડીને જ્ઞાયકસ્વભાવની ઉપાસના કરવી.

## * જ્ઞેયકૃત અશુદ્ધતા જ્ઞાયકને નથી *

હવે દ્રષ્ટાંતથી વિશેષ સમજાવે છે કે લાકડા છાણા આદિ બળવાયોગ્ય દાહ્યપદાર્થ છે અને તે બળવાયોગ્ય પદાર્થના આકારે અગ્નિ થાય છે માટે તેને દહન અર્થાત્ બાળનાર કહેવાય છે. અગ્નિ છાણા આદિ બળવાયોગ્ય પદાર્થોના આકારે થાય છે તેથી અગ્નિને દહન–બાળનાર કહેવાય છે. બળવાયોગ્ય પદાર્થના આકારે અગ્નિ થવા છતાં દાહ્યકૃત બળવાયોગ્ય પદાર્થની અશુદ્ધતા અગ્નિને નથી. બળવાયોગ્ય પદાર્થને લઈને અગ્નિ દાહ્યઆકારે થઈ છે એમ નથી પણ અગ્નિ પોતે જ પોતાથી પોતાના આકારે થઈ છે. અગ્નિ દાહ્યપદાર્થના આકારે થઈ નથી પણ પોતાના આકારે થઈ છે, બળવા યોગ્ય પદાર્થના લઈને તે આકારે થઈ છે તેમ પણ નથી.

તેવી રીતે ભગવાન આત્મા જ્યાં સુધી વીતરાગ થયો નથી ને સમ્યગ્દર્શન થયું છે તેને હજી વ્યવહારરત્નત્રયનો રાગ આવે છે પણ તે પરજ્ઞેય છે. પરજ્ઞેય આકારે અહીં જ્ઞાન હોવા છતાં પરજ્ઞેય કૃત અશુદ્ધતા તેને નથી. સમ્યગ્દર્શન થયું છે ને વર્તમાન જ્ઞાનમાં રાગના સંબંધવાળું જ્ઞાન થયું છે છતાં તે રાગના લઈને થયું નથી. જ્ઞાન તો તેના સ્વપર–પ્રકાશક સ્વભાવને લઈને થયું છે. રાગનું જ્ઞાન થયું ત્યારે જાણે રાગના લઈને જ્ઞાન થયું એમ લાગશે પણ એમ નથી. રાગનું જ્ઞાન થયું માટે રાગની પરાધીનતા જ્ઞાનમાં આવી છે એમ નથી.

જેની જ્ઞાનધારામાં જ્ઞાયકનું જ્ઞાન થયું છે તેને રાગાદિ પરજ્ઞેયનું જ્ઞાન થાય છે તે જ્ઞેયના લઈને થાય એવી પરાધીનતા જ્ઞાનને નથી. શુભાશુભથી ભિન્ન પડીને ચૈતન્યની દ્રષ્ટિ થઈ છે તેને જ્ઞાનની પર્યાયમાં સ્વ અને પરનું જ્ઞાન થયું ત્યાં પરજ્ઞેય છે માટે પર સંબંધી જ્ઞાન થયું છે એમ નથી. જ્ઞાનના સ્વપર પ્રકાશકપણાને લઈને જ્ઞાન થયું છે. તેથી રાગને–જ્ઞેયને જાણતાં જ્ઞેયકૃત જ્ઞાન છે એમ નથી પણ જ્ઞાનકૃત જ્ઞાન છે.

વ્યવહારરત્નત્રયનો રાગ આવ્યો તેને જ્ઞાને જાણ્યું, ત્યાં જ્ઞાન પોતાની પર્યાયને જાણે છે, રાગને નહીં. જાણનાર સ્વને જાણતાં પરને જાણવાપણે પરિણમે છે તોપણ તેને જ્ઞેયકૃત જ્ઞાન થયું છે તેમ નથી પણ તેને જ્ઞાનકૃત જ્ઞાન છે. સમ્યગ્દ્રષ્ટિ ચક્રવર્તીને રાગનું જ્ઞાન થયું તે રાગના લઈને થયું નથી પણ સ્વપરપ્રકાશક શક્તિને લઈને જ્ઞાન જ્ઞાનને જાણે છે, જ્ઞેયને જાણે છે તેમ કહેવું એ તો વ્યવહાર છે. રાગને જાણતાં જે જ્ઞેયાકારે જણાયો તે આત્મા જણાયો છે, રાગ જણાયો નથી, કેમ કે તેને જ્ઞેયકૃત અશુદ્ધતા નથી.

રાગનું જાણવું થયું તેમાં રાગ કર્તા છે ને જ્ઞાન થયું તે કાર્ય છે તેમ નથી. રાગનું જાણવું થયું તેમાં કર્તા આત્મા છે ને જ્ઞાન થયું તે કાર્ય છે. રાગથી ભિન્ન પડીને જેને જ્ઞાયકનું જ્ઞાન થયું છે તેને વર્તમાન જ્ઞાનમાં રાગનું ને પરનું જ્ઞાન થયું છે તે રાગના કે પરના લઈને થયું છે એમ નથી, જ્ઞાનના કારણે જ્ઞાન થયું છે.

જેમ દીવો ઘટપટને પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક છે તે ઘટપટાદિરૂપ થયો નથી પણ દીવારૂપ છે. દીવો સ્વને પ્રકાશવામાં પણ દીવો છે ને પરને પ્રકાશવામાં પણ તે દીવો છે. તેમ જ્ઞાયકભાવ રાગને ને પરને પ્રકાશવાના કાળે જ્ઞાયક જ છે ને પોતાને પ્રકાશવા કાળે પણ જ્ઞાયક જ છે. ચૈતન્યસ્વભાવનું જ્ઞાન થયું છે એવા સમકિતીને રાગનું જ્ઞાન થયું તે રાગનું જ્ઞાન નથી પણ જ્ઞાનનું જ્ઞાન છે, તેથી રાગ કર્તા ને જ્ઞાન કાર્ય છે તેમ નથી. સ્વ અને પરને પ્રકાશવાના કાળે જ્ઞાયક તો જ્ઞાયક જ છે. એવા જ્ઞાયકસ્વભાવી શુદ્ધ આત્માને હે શિષ્ય તું જાણ.

# જિનવાણી સાંભળવાને પાત્ર થવું હોય તો.........

જન્મ-મરણના ચોરાશી લાખના અવતારથી છૂટવા માટે આવી તત્ત્વની વાત સાંભળવાની પહેલી પાત્રતામાં પાંચ ઉદંબરફળ, મધ, મદિરા, માંસ અને બે ઘડી પછીનું માખણનો ત્યાગ તો હોય જ. જેને વીતરાગદેવની વાત સાંભળવી છે એને તો જેમાં ત્રસ જીવની ઉત્પત્તિ થાય એવા ખોરાકનો ત્યાગ તો પહેલે ધડાકે હોય જ. અંજીર આદિ કે જેમાં જીવાંત બહુ હોય છે એવા ત્રસના ખોરાકનો ત્યાગ સત્ય વસ્તુને સાંભળવાના કામીને હોય જ.

શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે પુરુષાર્થસિદ્ધિઉપાયમાં કહ્યું છે કેઃ

દુઃખદાયક, દુસ્તર અને પાપનું સ્થાન એવા આઠ પદાર્થોનો પરિત્યાગ કરીને નિર્મળ બુદ્ધિવાળા પુરુષ જૈનધર્મના ઉપદેશને પાત્ર થાય છે. ( ગાથા-૭૪ )

આચાર્યદેવ કહે છે કે ત્રણ લોકના નાથની વીતરાગી કથાને સાંભળવા પાત્ર થવું હોય તો આઠ પદાર્થોનો પ્રથમ ત્યાગ કરવો. સાંભળવાને પાત્ર થવું હોય તો! -એમ કહ્યું, કારણ કે આ તો અજબગજબની વાતુ છે. પ્રભુ! એણે પ્રથમમાં, જેમાં ત્રસ જીવ ઉત્પન્ન થાય એવો ખોરાક ન હોય. રાત્રિભોજનમાં ત્રસનો ઘાત થાય છે.

તર્કઃ પણ મુંબઈ જેવા મોટા શહેરમાં તો.........

સમાધાનઃ- કોઈ કહેતું હતું કે મુંબઈમાં નોકરી-ધંધા..... !-રાત્રે આવે તેથી રાત્રિભોજનનો ત્યાગ ન બની શકે. જો ત્યાગ બની શકે એવું નથી ( રાત્રિભોજનનો ત્યાગ બની શકે એવું નથી ) તો તત્ત્વને સાંભળવાને માટે પાત્રતા થઈ શકે એમ નથી-એમ એનો ( રાત્રિભોજન ગ્રહણનો ) અર્થ છે.

જેમાં ત્રસ હોય એવી ચીજનો ખોરાક કે રાત્રિનો ખોરાક તો જૈન નામ ધરાવનારને, ત્રિલોકના નાથની વીતરાગી વાતુ સાંભળનારને ન હોય ભાઈ! ન હોય.

તર્કઃ મુંબઈ છે ને!

સમાધાનઃ મુંબઈ!! અરે પ્રભુ! જેમાં ત્રસની ઉત્પત્તિ હોય એવો ખોરાક તો જેને આવી વાત સાંભળવી છે, જેને જનમ-મરણ રહિત થવાની વાત સાંભળવી છે તેને ન હોય, બાપુ! એને આટલો ત્રસનો ખોરાક ન હોય ભાઈ! એમાં બુદ્ધિનો બગાડ થાય છે. માંસમાં ને ત્રસની ઉત્પત્તિના ખોરાકમાં બુદ્ધિ બગડે છે. બુદ્ધિ બગડે ત્યારે એ અભક્ષ્ય લેવાનો ભાવ થાય.

આટલી પાત્રતા તો પહેલે દરજ્જે હોય. તેમ અથાણામાં ત્રસ જીવ ઉત્પન્ન થાય છે. બેચાર દિ' રહે એટલે ત્રસ ઉત્પન્ન થાય છે. કેરી, ગુંદા આદિ અથાણા-ખારા ને ગળ્યાં-તે બે-ચાર દિ' રહે તો જીવાંત પડે છે. ભાઈ! એમાં (એ ખાવાથી) ત્રસ મરે, અને એ ત્રસ પણ પૂર્વના એના પોતાના કોઈ માબાપ હોય ને ત્યાં ઉત્પન્ન થયા હોય તે મરે! (-તે ખાય!)

એટલે પહેલી પાત્રતામાં-સાંભળવાને પાત્ર થવામાં આટલું તો (ઉપરોકત) હોય જ ભાઈ! અમે તો દુકાન પર હતા ત્યારથી-સંવત ૧૯૬૪ થી રાત્રે પાણી પણ પીતા નહીં, ચોવીયાર કરતા હતા.

-પૂજ્યશ્રીના ઉદ્ગાર, તા. ૭-૪-૭૮, મુંબઈના પ્રવચનમાંથી.

## — નવું પ્રકાશન —

| પુસ્તકનુ નામ | ભાષા | કિંમત | પુસ્તકનું નામ | ભાષા | કિંમત |
|---|---|---|---|---|---|
| ચિદ્વિલાસ | ગુજરાતી | ૧-૭૫ | જ્ઞાનામૃત(નવી આવૃત્તિ) | ગુજ. | ૧-૨૫ |
| અનુભવપ્રકાશ (નવી આવૃત્તિ) | ” | ૧-૨૫ | યોગસાર (અમિતગતિઆચાર્ય કૃત) | ” | ૧૫-૦૦ |

## -સૂચના-

“પૂ. ગુરુદેવશ્રીએ કરેલ પ્રવચનો તમામ શાસ્ત્રોનાં, ટેઈપ ઉપરથી અક્ષરસઃ લખવાનાં છે. જે કોઈ મુમુક્ષુ લખી શકે તેમણે સંપર્ક માણેકભાઈ જૈન (ભાવનગરવાળા) નો સાધવો.”

# પૂજ્ય ગુરુદેવઃ આ કાળનો "અચંબો"

અતિ ભક્તિને કારણે કે જીવન પરની અતીશય અસરને કારણે આ વાક્ય લખાયું હશે તેમ કેટલાંકને લાગે, પરંતુ સત્ય હંમેશાં સત્ય જ હોય છે. તેને પારખવા માટે આગ્રહ કે પૂર્વગ્રહ એક પણ વસ્તુ ન ચાલે, તેમાં જોઈએ માત્ર તટસ્થતા! દરેક વસ્તુને તપાસ્યા પછી તટસ્થતા જન્મે-તેવી તટસ્થતાપૂર્વક ઊભા રહીને કહી શકાય કે ગુરુદેવ એક 'અચંબો' છે. તેઓશ્રી આશ્ચર્યકારી છે. શુદ્ધ-બુદ્ધ ભુલીને વિસ્મયમાં પડી જવાય તેવી તેમની વાગ્ધારા બતાવે છે કે પૂ. ગુરુદેવ જ્ઞાનનો પિંડ છે. પવિત્રતાનો પુંજ છે, પુણ્યનો જથ્થો છે. લાગે છે કે પૂ. ગુરુદેવ વ્યક્તિ નથી પરંતુ સમષ્ટિ છે; ભેદજ્ઞાનનું યથાર્થ સ્વરૂપ છે, ચૈતન્ય ધારણ કરેલાં એ આકારની અને મૂળ સ્વરૂપની તેમનામાં જાણે કે અભિન્નતા વર્તી રહી છે. મૂળ શુદ્ધ સ્વરૂપને વળગેલાં આ બાહ્ય સ્વરૂપનાં સંબંધોનો એક એક તાંતણો તૂટી ગયો છે અને ભિન્નતા યથાર્થરૂપે બીરાજી રહી છે. તેઓશ્રીનાં જીવન ફલકમાંની પોણીસદીની અવિરત વાગ્ધારા જીવોને જગાડનારું તેમનું કવન માનવીનું મસ્તક તેમનાં ચરણોમાં નમાવી દે છે.

તેઓશ્રીનાં જીવનપ્રસંગ વિશે કહેવાનું શું? આ ઈજનેર, વકીલ કે સાહિત્યકારનું જીવન છે? કે તેમનાં જીવનમાં ભૌતિક પ્રસંગો વણાયા હોય! આ જીવન તો છે એક મહાન-તત્ત્વવેત્તાનું, માત્ર તત્ત્વવેત્તાનું પણ નહિ પરંતુ શ્રેણીએ શ્રેણીએ ઉર્ધ્વીકરણ કરીને આત્માથી દેહને ભિન્ન પાડી દેનાર તેમ જ પોતે જે સત્ય સમજાવી રહ્યાં છે તે સત્ય સાથે જીવનને એકાકાર બનાવી દેનાર જ્ઞાનીનું આ જીવન છે. તે જીવન અને કવન જુદાં નથી. જીવન તે કવન છે અને કવન તે જીવન છે. અઠ્ઠાશી વર્ષનાં આ અવધૂતનાં જીવનમાંથી જ્ઞાન-જયોત પ્રગટી રહી છે. જે જયોત પ્રત્યક્ષ અને પરોક્ષ હજારો-લાખો જીવોનાં જીવનાં ઉર્ધ્વીકરણ માટે પ્રકાશ પાથરી રહી છે.

જેમ ઘેરી કાળી ભયાનક રાત્રીમાંથી કેડી બતાવવા પ્રકાશ જરૂરી છે તેમ રાગ-દ્વેષ,મોહ-માયાનાં ખતરનાક જાળા-ઝાંખરા વચ્ચેથી પડયા આખડયાં વિના બહાર નીકળવાની કેડી પૂજ્ય ગુરુદેવની જ્ઞાનધારારૂપ જ્યોત બતાવી રહી છે. જ્યોત જલી રહી છે, પ્રકાશ પથરાઈ રહ્યો છે તેનો ઉપયોગ કરીને સંસારરૂપી ગાઢ જંગલમાંથી

બહાર નીકળવું કે ગોથું ખાઈ જવું તે આપણાં પર આધારીત છે. અઠ્ઠાશી વર્ષની ઉંમરે અસ્ખલીત વાણી, નિયમિતતા અને સ્વાસ્થ્યનું ગૌણપણું અહોભાવમાં આંજી દેનારું અને અબાલ–વૃદ્ધ સૌને જગાડનારું–પ્રેરણા આપનારું છે.

પૂજ્ય ગુરુદેવ વારંવાર કહે છે કે જાગતો જીવ જરૂર મેળવે જ. ઝોકું ખાવું નહિ, અવિરત જાગવું, પ્રમાદ કરવો નહિ, એક ક્ષણ પણ ગફલતમાં વિતાવવી નહિ. જાગવું ને જાગવું એ પૂજ્ય ગુરુદેવનું એલાન છે. સામાન્ય માણસ માટે એ એલાનને ઝીલવા પણ જાગતા રહેવું જરૂરી છે. પોતે ક્ષણ ક્ષણ, પળ–પળ જાગી રહ્યાં છે અને એ ભવ્ય આત્મા પોકારી પોકારીને ઘેરી નીદંરમાં ડૂબેલા માનવીને જગાડી રહ્યાં છે. જાગ, ઊભો થા, જરૂર પ્રાપ્ત થશે–એ એમની શીખ છે. જાગ્યા પછી અટકસ્થાન નથી, જાગેલો મેળવીને જ જંપશે તે પૂજ્ય ગુરુદેવશ્રીનું કથન છે.

પૂજ્ય ગુરુદેવ એ પરમ આનંદનું મંદિર છે. આનંદ, આનંદ, પૂર્ણ આનંદ ત્યાં પ્રગટી રહ્યો છે. જેનો એક અંશ મેળવતાં પણ પાવન થવાય છે. અનુભૂતિના એ બાગનાં ફુલની ફોરમ સાંપડે છે તે આપણાં કોઈ પુરુષાર્થનું પરિણામ છે, અહોભાગ્ય છે. પૂજ્ય ગુરુદેવ કહે છે કે ધર્મ કહો, સુખ કહો કે શાંતિ કહો એ બધું એકજ છે. માટે વસ્તુ જેમ છે તેમ જાણ, તારા શુદ્ધ આત્માનો અનુભવ કર અને અવિરત શાંતિ મેળવ, આ જ ધાર્મિક ક્રિયા છે. પૂજ્ય ગુરુદેવ એ શાંતિનાં સોપાનો સર કરી રહ્યાં છે માટે પૂજ્ય ગુરુદેવ શાંતિનું ધામ છે.

પૂજ્ય ગુરુદેવે જે આપ્યું છે અને આપી રહ્યાં છે તે અતિ વિકટ અપ્રાપ્ય એવું છે. ઘડીભર માની ન શકાય તાજુબી અનુભવાય. તેઓશ્રી કહેશે વાણીથી ધર્મ નથી તો વળી કહેશે, 'સાંભળ, ભાઈ, સાંભળ અને કંઈક સમજ' વાણીથી ધર્મ નથી તો વાણી સાંભળવી શા માટે? તેમ થાય અને છતાં તેમનું તે કહેવું સત્ય છે તેમ માન્યા વિના રહેવાય નહિ. ત્યારે લાગે, અનુભવાય કે પૂજ્ય બહેનશ્રીએ વચનામૃતમાં કહ્યું છે તે યથાર્થ જ છે કે પૂજ્ય ગુરુદેવ આ કાળમાં એક 'અચંબો' છે.

આજે નેવાશી વર્ષનાં જન્મોત્સવ નિમિત્તે ભાવના ભાવીએ કે પૂ. ગુરુદેવનો આ મનુષ્યકાળ સદીઓ લાંબો હો!!

**-કુ. અસ્મિતા લખુભાઈ ભલાણી, બોટાદ.**

# કલ્યાણકારી ચૈત્રસુદ તેરસ

અહો વીર પ્રભુ! આજની કલ્યાણકારી ચૈત્ર સુદ તેરસે ભારતમાં જન્મ લઈ આ સંસાર ચક્રનો છેલ્લો અવતાર પૂરો કરીને, ચૈતન્યની આરાધના વડે આપે આત્માને તો ઉજ્જવળ કર્યો ને ચૈત્ર સુદ તેરસને પણ ઉજ્જવળ કરી. હે વીરનાથ! દર વર્ષે ચૈત્ર સુદ તેરસ આવે છે ને આપની ચૈતન્ય સાધનાને યાદ કરતાં આપના ભક્તોના હૃદય આનંદમય આત્મસાધનાને સાધવા ઉલ્લસીત થાય છે.

અહો! વહાલા વીરપ્રભુ! કેવો છે આપનો માર્ગ? આપનો માર્ગ એ વીરોનો માર્ગ છે–શૂરાનો માર્ગ છે. મહા આનંદદાયક એ વીરમાર્ગ, અમારા મહાન ભાગ્યે, કહાનગુરુદેવ આજે પ્રકાશી રહ્યાં છે. ૪૩ વર્ષ પહેલાં સોનગઢમાં સં. ૧૯૯૧ ના ચૈત્ર સુદ તેરસે આપના પરમ સત્ય સનાતન માર્ગને પ્રસિદ્ધિમાં મુક્યો ને ધર્મના નામે ચાલતાં પાખંડોને તોડયા, અજ્ઞાન અંધકારમાં ગોથા ખાતા જીવોને સત્ય માર્ગમાં દોર્યા. આજ તેતાલીશ વર્ષથી તેઓશ્રી વીરમાર્ગના મધુરાં વહેણ ભારતમાં વહાવી રહ્યા છે. અહો! વીરમાર્ગના એ મધુરાં વહેણ અમારા આત્માને પાવન કરો!

પ્રભો! પ્રિયકારણી–ત્રિશલામૈયાની કુંખે અવતરીને આત્મસાધના વડે આપે આપના અવતારને સફળ કર્યો ને આપના પાવનકારી માર્ગને પામીને અમારો અવતાર પણ સફળ થયો. કેમ કે હે વીરપ્રભુ! અમે પણ આપના જ સંતાન છીએ ને આપના જ માર્ગમાં કહાનગુરુદેવના ચરણે ચરણે ચાલ્યા આવીએ છીએ.

ઓહો! આત્મા તો અનંતી વિભૂતિથી ભરેલો, અનંતા ગુણોનો રાશિ, અનંતા ગુણોનો મોટો પર્વત છે! ચારે તરફ ગુણો જ ભરેલા છે. અવગુણ એક પણ નથી. ઓહો! આ હું? આવા આત્માનાં દર્શન માટે જીવે કદી ખરું કુતૂહલ જ કર્યું નથી.

( જ્ઞાનગોષ્ઠી ટાઈટલ ત્રણથી ચાલુ )

- કાંઈક વસ્તુ ખોવાઈ જતાં તેની ગોતાગોત કરે છે ને! પણ અરે! ભગવાન ખોવાઈ ગયો છે એને ગોતતો નથી. ભગવાન આત્મા એકલો જ્ઞાયક છે એને ગોતવાનો છે, ગોસળીયો ખોવાઈ ગયો હતો તેને દોરો બાંધી દીધો હતો ને! તેમ આત્માને જ્ઞાયક છું.... જ્ઞાયક છું...... એમ જ્ઞાયકનો દોરો બાંધવાનો છે.

- આ તત્ત્વની વાત ઉપર ટપકે સાંભળી લેવાથી બેસે તેવી નથી, એને માટે અભ્યાસ જોઈએ.

**પ્રશ્ન**:- અભ્યાસ એટલે શું કરવું?

**ઉત્તર**:- શાસ્ત્ર વાંચન, શ્રવણ, સત્સમાગમ કરવો જોઈએ.

**પ્રશ્ન**:- એ બધો અભ્યાસ સમ્યગ્દર્શન પામવા માટે તો અકિંચિત્કર છે ને?

**ઉત્તર**:- ભલે સમ્યગ્દર્શન આત્માના લક્ષે જ થાય છે, તોપણ સ્વાધ્યાય, શ્રવણ, સત્સમાગમ આદિનો વિકલ્પ આવે જ, ભલે તેમાં પરલક્ષી જ્ઞાન નિર્મળ થાય છે. શાસ્ત્રમાં અનેક ઠેકાણે આવે છે કે આગમનો અભ્યાસ કરવો, સ્વના લક્ષે આગમનો અભ્યાસ કરવો. જેને આત્મા જોઈતો હોય તેને આત્મા બતાવનાર એવા દેવ–શાસ્ત્ર–ગુરુના સમાગમનો વિકલ્પ આવે જ.

- અનંતા કેવળીઓ, મુનિઓ અને સંતો એમ કહે છે કે સ્વદ્રવ્યનો આશ્રય કર અને પરદ્રવ્યનો આશ્રય છોડ આમ કેવળીઓની, મુનિઓની અને સંતોની આજ્ઞા છે. સ્વભાવમાં રત થા! ને પરભાવથી વિરક્ત થા! આ બાર અંગનો સાર છે.

**પ્રશ્ન**:- ઉપયોગને કેટલો ઊંડો લઈ જવાથી આત્માના દર્શન થાય છે–આત્મા પમાય છે?

**ઉત્તર**:- ઉપયોગ પરમાં–બહારમાં જાય છે તેને અંદર સ્વમાં લઈ જવાનો છે. ઉપયોગને સ્વમાં લઈ જવો તેને ઊંડો લઈ જવો કહ્યો છે. ઊંડો એટલે આઘો–દૂર લઈ જવાનો નથી પણ અંદર–સ્વમાં લઈ જવાનો છે. ઉપયોગ સ્વમાં વળતાં–ઢળતાં આત્માના દર્શન થાય છે.

- આત્મા અને રાગની સંધિ અતિ સૂક્ષ્મ છે, ઘણી જ દુર્લક્ષ છે, દુર્લભ છે તોપણ અશક્ય નથી. જ્ઞાન ઉપયોગને અતિ સૂક્ષ્મ કરતાં–જીણો કરતાં લક્ષમાં આવી શકે છે, પંચમહાવ્રતના પરિણામો કે શુક્લલેશ્યાના કષાયની મંદતાના પરિણામો તે અતિ સૂક્ષ્મ કે દુર્લક્ષ નથી પણ આત્મા અતિ સૂક્ષ્મ છે. તેથી ઉપયોગ અતિ સૂક્ષ્મ કરવાથી આત્મા જાણવામાં આવે છે.

## હીરા-પારખું ઝવેરી

એક રાજાને ત્યાં ઘણો કિંમતી હીરો આવ્યો. તે હીરાની કિંમત નક્કી કરાવવા રાજાએ ગામના પ્રતિષ્ઠિત ઝવેરીઓને બોલાવ્યા. પરંતુ હીરો જોતાં તેઓએ કહ્યું કે આ હીરો તો અતિ મૂલ્યવાન છે, આની કિંમત આંકવી એ અમારા ગજા બહારની વાત છે. અંતે રાજાએ તપાસ કરીને એક વયોવૃદ્ધ મોટા અનુભવી જાણકાર ઝવેરીને બોલાવ્યા. તે વયોવૃદ્ધ ઝવેરીએ હીરો તપાસીને તેની સાચી કિંમત આંકી દીધી તેથી રાજાએ ખુશ થઈને દિવાનજીને આજ્ઞા કરી કે આ અસલ હીરા પારખુ ઝવેરીને સારું ઈનામ આપો. જૈનધર્મી દિવાનજી કહે ભલે! આવતી કાલે રાજસભા ભરીને તેમનું સન્માન કરીને સભાજનોની ઉપસ્થિતિમાં જ ઈનામ આપીશું. ત્યાર પછી સાંજે દિવાનજી પેલા ઝવેરીને ઘરે જઈને પૂછે છે કે ઝવેરી શેઠ! તમે તો હીરા–મોતીના બહુ મોટા અનુભવી ઝવેરી છો, પણ શેઠ એ હોંશીયારી તમને પરભવમાં કાંઈ કામ લાગશે નહીં, શું તમે ચૈતન્યહીરાની કદી પરીક્ષા કરી છે ખરી? ત્યારે ઝવેરી આશ્ચર્યથી કહે છે કે ચૈતન્યહીરાનું તો નામ જ મેં પહેલીવાર સાંભળ્યું! ત્યારે દિવાનજી તેને પ્રેમથી સમજાવે છે કે શેઠ!

**‘પરખ્યા માણેક-મોતીઓ, પરખ્યા હેમ-કપુર,**
**પણ એક ન પરખ્યો આતમા, ત્યાં રહ્યો દિગ્મૂઢ.’**

ચૈતન્યહીરો એ જ ખરો હીરો છે. આ આત્મા પોતે જ પરમાત્મસ્વરૂપ હીરો છે. એ હીરાની પરીક્ષા કરવાથી સંસારભ્રમણ મટે છે ને આત્માને મુક્તિ મળે છે. એ ચૈતન્યહીરાને તમે જાણ્યો નહીં તો આ ધૂળના–પથ્થરના હીરાની પરીક્ષાથી શું વળ્યું? પથ્થરના હીરાની પરીક્ષામાં પારંગત થવાથી તમારો એક પણ ભવ ઘટવાનો નથી કે ભવ સુધરવાનો પણ નથી તો તમે આ જીવનમાં શું કર્યું? એ રીતે મીઠો ઠપકો આપીને દિવાનજી પોતાને ઘેર જાય છે. બીજે દિવસે નિશ્ચિત સમય મુજબ મોટી રાજસભા ભરાય છે ને ઝવેરી શેઠનું સન્માન કરીને રાજા દિવાનજીને આજ્ઞા કરે છે કે તમે શેઠને યોગ્ય સારું ઈનામ આપો. ત્યારે પ્રધાનજી ભર સભામાં કહે છે કે શેઠને સાત ખાસડા (જોડા) મારવાનું ઈનામ આપવામાં આવે છે. આ સાંભળીને રાજા તથા પ્રજા આશ્ચર્યમાં ગરકાવ થઈ જાય છે કે આ શું? રાજા દિવાનજીને કહે છે કે તમે આ શું બોલો છો? ત્યારે દિવાનને બદલે વયોવૃદ્ધ શેઠ કહે છે કે સાહેબ!

દિવાનજી કહે છે તે સાચું કહે છે, સાતને બદલે ચૌદ ખાસડા ખાવાને હું યોગ્ય છું. કેમ કે મેં જિંદગીભર પાપના કારણભૂત જડ હીરાની પરીક્ષા કરીને ખોટા અભિમાન કરી કરીને પાપ બાંધ્યા છે પણ પરમ સુખના કારણભૂત મારા ચૈતન્યહીરાને ઓળખવાનો કદી પ્રયત્ન પણ કર્યો નથી. દિવાનજીએ મારા ઉપર કૃપા કરીને મારા ચૈતન્યહીરાને ઓળખવાની પ્રેરણા કરીને મહાન ઉપકાર કર્યો છે. સંસારભ્રમણના દુઃખથી છોડાવનાર એવા ચૈતન્યહીરાને ઓળખતાં હવે જડ હીરાની મને કાંઈ કિંમત ભાસતી નથી. મારો ચૈતન્યહીરો તે એક જ સાચો ને કિંમતી હીરો છે. તેનાથી જ શાશ્વત સુખ પામી શકાય છે. આ દ્રષ્ટાંત દરેક જિજ્ઞાસુઓએ પોતાના જીવનમાં ઘટાવવા જેવો છે.

(પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી.......)

[ઔષધઋદ્ધિધારક મુનિઓનું સ્વરૂપ......... ટાઈટલ ૪ થી ચાલુ]

(૩) જળ અર્થાત્ જેમના દેહના પરસેવાનો સ્પર્શ થતાં જ રોગીનો રોગ મટી જાય, તે જલ ઔષધિઋદ્ધિધારક મુનિરાજ છે.

(૪) જેમના કાન, નાક, દાંત તથા નેત્રનો મળ જ સર્વ રોગને નાશ કરવાવાળો હોય તે મળ ઔષધિઋદ્ધિધારક મુનિરાજ છે.

(૫) જેમનો ઝાડો તથા પેશાબ એ જ રોગીના રોગને નાશ કરવામાં સમર્થ હોય તે વીટ ઔષધિઋદ્ધિધારક મુનિરાજ છે.

(૬) જેમના અંગ તથા ઉપાંગ તથા નખ, દાંત, વાળ આદિને સ્પર્શ કરવાવાળા પવન આદિ જ સમસ્ત રોગનો નાશ કરે તે સર્વૌષધિઋદ્ધિધારક મુનિરાજ છે.

(૭) તીવ્ર ઝેરમાં મળેલો આહાર પણ જેના મુખમાં જતાં ઝેર રહિત થઈ જાય તથા તીવ્ર વિષથી વ્યાપ્ત જીવનું ઝેર, જેના મુખથી નીકળેલ વચન સાંભળતા જ ઉતરી જાય તે આસ્યાવિષઋદ્ધિધારક મુનિરાજ છે

(૮) જેમની દ્રષ્ટિ પડવા માત્રથી જ તીવ્ર વિષ કરી વ્યાપ્ત જીવ પણ વિષ રહિત થઈ જાય તે દ્રષ્ટિવિષઔષધિઋદ્ધિનાધારક મુનિરાજ છે.

## અધ્યાત્મવારસો

પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પીરસાતી અધ્યાત્મ–અમૃત–વાણીનું સિંચન આપની આગામી પેઢીમાં થતું રહે અને આપના વારસદારો આપ દ્વારા મળેલા અધ્યાત્મવારસાનું ગૌરવ અનુભવે તે માટે આત્મધર્મના આજીવનસભ્ય બનો.

આજીવનસભ્ય ફી રૂા. ૧૦૧–૦૦

[ નિયમિત પ્રગટ થતી આજીવનસભ્યોની નામાવલિઃ ]

| ક્રમ | નામ | ગામ | ક્રમ | નામ | ગામ |
|---|---|---|---|---|---|
| ૫૮૧ | શ્રી ટી. જી. કરકા | ઉલ્હાસનગર | ૬૦૪ | શ્રીમતી મંગલાબેન એન. પારેખ. | પુના |
| ૫૮૨ | " હસમુખલાલ કુંવરજી શાહ | પાલેજ | ૬૦૫ | શ્રી મોહનલાલ બેચરદાસ મોદી | મુંબઈ |
| ૫૮૩ | " નટવરલાલ કુંવરજી શાહ | પાલેજ | ૬૦૬ | શ્રીમતી લક્ષ્મીબેન | મુંબઈ |
| ૫૮૪ | " દગડુસા અમોલકચંપસા જૈન | સનાવદ | ૬૦૭ | શ્રી ચંદુલાલ મોહનલાલ મહેતા | સુરેન્દ્રનગર |
| ૫૮૫ | " નીરૂબેન બગડીયા | ઢસા | ૬૦૮ | " ચંદ્રકાંત ધીરજલાલ દેસાઈ | મુંબઈ |
| ૫૮૬ | " શ્રીમતી તારાબાઈ પાટૌદી | લોહારદા | ૬૦૯ | શ્રીમતી પ્રીતીબેન પ્રદીપકુમાર દેસાઈ | મુંબઈ |
| ૫૮૭ | " શ્રી નરેન્દ્ર ચત્રભુજ કોઠારી | અમરાવતી | ૬૧૦ | શ્રીચેતનકુમાર સુમનભાઈ દોશી | મુંબઈ |
| ૫૮૮ | " છબીલદાસ સુંદરજી વારીયા | રાજકોટ | ૬૧૧ | " સી. ઝેડ. વોરા | મુંબઈ |
| ૫૮૯ | " શ્રી દિ. જૈન મંદિર | સાવરકુંડલા | ૬૧૨ | " દલાલ શાંતિલાલ પી. પાટની | રતલામ |
| ૫૯૦ | " શ્રી દલીચંદ ખુશાલચંદ | ભાણવડ | ૬૧૩ | " ચન્દ્રકાંત ચુનીલાલ જોબાલીયા | મુંબઈ |
| ૫૯૧ | " હસમુખલાલ એફ. દોશી | સીકંદરાબાદ | ૬૧૪ | " હરીશકુમાર રતીલાલ શાહ | મુંબઈ |
| ૫૯૨ | " ર્ડા. રમેશ વી. શાહ | ધાનેરા | ૬૧૫ | " જેઠાલાલ મૂળજી લાખાણી | રાજકોટ |
| ૫૯૩ | " ઇન્દ્રવનદ પી. શાહ | મુંબઈ | ૬૧૬ | " હરીભાઈ વાલજીભાઈ ખીમોડા | ગોંડલ |
| ૫૯૪ | " રાજેશ દેસાઈ | સંબલપુર | ૬૧૭ | " નલીનબેન નવીનચંદ્ર દોશી | અમદાવાદ |
| ૫૯૫ | " અનંતરાય અમુલખ શેઠ | મુંબઈ | ૬૧૮ | " ચંદ્રકાંત હરીલાલ દોશી | મુંબઈ |
| ૫૯૬ | શ્રીમતી શારદાબેન શાંતિલાલ શાહ | મુંબઈ | ૬૧૯ | " નૌતમલાલ હરીલાલ દોશી | મુંબઈ |
| ૫૯૭ | " શાંતાબેન ગુલાબચંદ ટોલીયા | મુંબઈ | ૬૨૦ | " નિરંજન કિર્તિકાંત શાહ | કલકત્તા |
| ૫૯૮ | શ્રી પ્રકાશ હાસ્યચંદ્ર મહેતા | મુંબઈ | ૬૨૧ | " હસમુખરાય રતીલાલ દોશી | મુંબઈ |
| ૫૯૯ | " દિલીપ ડી. શાહ | દિલ્હી | ૬૨૨ | શ્રીમતી દિવાળીબેન દેવશીભાઈ | નાઈરોબી |
| ૬૦૦ | શ્રી અને શ્રીમતી મલિન જે. શાહ | યુ. કે. | ૬૨૩ | શ્રી હિંમતલાલ લક્ષ્મીચંદ શાહ | અમદાવાદ |
| ૬૦૧ | શ્રીમતી ચંપાબેન હિંમતલાલ શાહ | મુંબઈ | ૬૨૪ | " શાંતિલાલ છોટાલાલ ભાયાણી | મુંબઈ |
| ૬૦૨ | શ્રીકમલેશકુમાર શાંતિલાલ ડેલીવાળા | સુરત | ૬૨૫ | " મણીલાલ ઉજમશી ખારા | અમદાવાદ |
| ૬૦૩ | " ચીમનલાલ હિંમતલાલ શાહ | મુંબઈ | | | |

[ ક્રમશઃ ]

## સમાચાર દર્શન–

* બેંગલોરમાં તા. ૧૬–૩–૭૮ ના રોજ પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છાયામાં કન્નડ ભાષામાં–ત્યાંની સ્થાનિક ભાષામાં આત્મધર્મ માસિકની પ્રકાશન વિધિ થઈ હતી, જેમાં પ્રમુખસ્થાને મુડબદ્રીના ભટ્ટારકજી શ્રી ચારુકીર્તિ સ્વામીજી તથા અતિથિ વિશેષ તરીકે ભટ્ટારકજી શ્રી લક્ષ્મીસેન સ્વામીજી હતા. કન્નડ ભાષાના આત્મધર્મનો અંક ભટ્ટારકજી શ્રી ચારુકીર્તિ સ્વામીજીએ પૂજ્ય ગુરુદેવશ્રીને અર્પણ કરતાં પોતાના ભાવવાહી સંબોધનમાં પૂજ્યશ્રી પ્રત્યે ઘણો આદરભાવ વ્યક્ત કર્યો હતો. બન્ને ભટ્ટારકજીએ પોતાના ભાષણમાં આત્મધર્મ માસિકની પ્રમોદ વ્યક્ત કર્યો હતો. ડૉ. હુકમચંદજી ભારિલ્લે આત્મધર્મ માસિકની માહિતી આપતાં કહ્યું હતું કે આત્મધર્મ એ હિન્દુસ્તાનનું પ્રથમ ધાર્મિક માસિક છે કે જે ગુજરાતી, હિન્દી, મરાઠી, કન્નડ, તથા તામિલ ભાષામાં એટલે કે પાંચ પાંચ ભાષાઓમાં પ્રગટ થતું એક માત્ર ધાર્મિક માસિક છે તથા તેના ગ્રાહકોની સંખ્યા ૧૩૦૦૦ થી વધુ હોવાથી ધાર્મિક માસિકની ગ્રાહક સંખ્યા અપેક્ષાએ પણ તે પ્રથમ કક્ષાનું માસિક છે.

* મુંબઈના ૧૫ દિવસના પૂજ્ય ગુરુદેવશ્રીના મુકામ દરમિયાન, બન્ને સમયના આત્મોન્નતિકારી પ્રવચનોનો લાભ લેવા જૈન તથા જૈનેતર ભાઈઓ ઘણી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેતા હતા. રાત્રિચર્ચામાં પણ લોકોનો રસ દેખાઈ આવતો હતો. ધર્મરત્ન ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનું તા. ૫–૪–૭૮ ના સવારે પ્રવચન પહેલાં પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં મહાવીર–નગરમાં હજારો મુમુક્ષુઓના હર્ષોલ્લાસપૂર્વક ધામધૂમથી સ્વાગત કરવામાં આવ્યું હતું. કેસરી સાડી ને મસ્તક પર કળશથી સુશોભિત અનેક કુમારિકાઓએ તથા સૌભાગ્યવંતી બહેનોએ પૂજ્ય બહેનશ્રીનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ સકલ જૈનસમાજ વતી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના પ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈએ તથા શ્રી લાલચંદભાઈ મોદીએ સુખડના હાર વડે પૂજ્ય બહેનશ્રીનું સન્માન કર્યું હતું. શ્રી ધીરુભાઈ શ્રોફ, શ્રી રમણીકભાઈ રોનક ઈન્ડસ્ટ્રીઝવાળા, શ્રી પ્રાણભાઈ ગોડા, શ્રી રતનલાલ ગંગવાલ, શ્રી ડાહ્યાભાઈ જજ, શ્રી ધન્યકુમારજી બેલોકર, શ્રી પંડિત પ્રિયંકરજી, શ્રી મનસુખભાઈ હરિલાલ દોશી, શ્રી શાંતિભાઈ ઝવેરી, શ્રી છોટુભાઈ વીરાણી, શ્રી આણંદભાઈ જસાણી, શ્રી હિંમતભાઈ ઝોબાલિયા, શ્રી હસમુખભાઈ વોરા, શ્રી ચીમનભાઈ મોદી, શ્રી મુંકુંદભાઈ ખારા, શ્રી માણેકલાલ રાયચંદ ગાંધી, શ્રી રમણીકભાઈ શેઠ, શ્રી રમણીકભાઈ દોશી, શ્રી ભોગીભાઈ દોશી, શ્રી ધીરુભાઈ ડેલીવાળા, શ્રી સી. સી. શેઠ, શ્રી કાંતિભાઈ મોટાણી, શ્રી બલુભાઈ

શાહ, શ્રી મહેન્દ્રકુમારજી શેઠી વિગેરે અનેક મહાનુભવોએ ધર્મરત્ન ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને સુખડનો હાર સમર્પિત કરીને પોતાનો ભક્તિભાવ પ્રગટ કર્યો હતો. તા. ૯–૪–૭૮ ના સવારે પ્રવચન બાદ પૂજ્ય ગુરુદેવશ્રીને તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને મુંબઈ મુમુક્ષુ મંડળ વતી શ્રી બાબુભાઈએ અભિનંદનપત્ર અર્પણ કર્યુ હતું. મુંબઈમાં શ્રી સમયસાર ગાથા ૬, ૧૧, ૧૪, ૧૫ તથા ૧૭–૧૮ ઉપર ગુરુદેવશ્રીનાં અધ્યાત્મિક પ્રવચનો થયા હતા.

* પૂજ્ય ગુરુદેવશ્રીનું સ્વાસ્થ્ય સારું છે. હાલમાં તેઓશ્રી નિયત પ્રવાસક્રમ મુજબ રાજકોટ બિરાજી રહ્યાં છે. અહીંથી તા. ૨૫–૪–૭૮ ના રોજ તેઓશ્રી ઘાટકોપર પધારશે.

[ તા. ૨૦–૪–૭૮ ]

## જૈન વિધાર્થીઓ માટે અભ્યાસની સુંદર સગવડ
## શ્રી જૈન વિધાર્થી ગૃહ, સોનગઢ.

ઉપરોકત બોર્ડિંગ છેલ્લા ૨૫ વર્ષથી ચલાવવામાં આવે છે. તેમાં ધોરણ ૫ થી ધોરણ ૧૨ ( હાયર સેકેન્ડરી ) સુધીમાં અભ્યાસ કરતાં ત્રણે જૈન ફિરકાના વિધાર્થીઓને ભેદભાવ વગર દાખલ કરવામાં આવે છે.

માસિક પૂરી ફીનું ભોજનનું લવાજમ ફકત રૂા. ૬૦–૦૦ તથા તદ્દન ગરીબ વિધાર્થીઓ માટે ઓછી ફીનું લવાજમ માસિક ફકત રૂા. ૩૫–૦૦ લેવામાં આવે છે.

નાપાસ થએલ તથા ચેપી રોગવાળા વિધાર્થીઓને દાખલ કરવામાં આવતા નથી.

સંસ્થા પોતાનું વિશાળ મકાન ધરાવે છે. સંસ્થામાં સારો પૌષ્ટિક ખોરાક આપવામાં આવે છે.

વિધાર્થીઓને શ્રી સનાતન દિગંબર જૈન દર્શનનો ધાર્મિક અભ્યાસ કરાવવામાં આવે છે. ઉપરાંત પરોપકારી પૂજ્ય "કાનજીસ્વામી" જેવા મહાન, આધ્યાત્મિક સંતના સત્સમાગમ તથા તેઓશ્રીના તત્ત્વપૂર્ણ વ્યાખ્યાન શ્રવણનો પણ અપૂર્વ લાભ મળે છે.

બોર્ડિંગમાં દાખલ થવા ઈચ્છતા વિધાર્થીઓએ રૂા. ૦–૫૦ મોકલી પ્રવેશપત્ર તથા નિયમો તા. ૧૦–૫–૭૮ સુધીમાં મંગાવીને, તે વિગતવાર ભરીને વાર્ષિક પરીક્ષાના માર્કસશીટ સાથે તા. ૨૦–૫–૭૮ સુધીમાં પરત મોકલવા.

લિ. મંત્રીઓ,
શ્રી જૈન વિધાર્થી ગૃહ, સોનગઢ
જિલ્લો: ભાવનગર ( ગુજરાત )

## * પ્રવચન-પ્રચાર-યોજના*

**સોનગઢમાં પૂજ્ય ગુરુદેવશ્રીના બન્ને વખતના પ્રવચનો નિયમિત રીતે ટેપ થઈ રહ્યાં છે. જે કોઈ જિજ્ઞાસુને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનની ટેપ ઉતરાવવી તેમને મુંબઈવાળા શાહ ચીમનલાલ હીંમતલાલ સ્ટીલવાળા તરફથી વૈશાખ સુદ બીજ ૮૯ મી જન્મજયંતીથી ૯૦ જન્મજયંતી સુધી એક વર્ષ માટે વિના મૂલ્યે ઉતારી આપવામાં આવશે.**

**ટેપરીલ તથા કેસેટ મોકલવાનું એડ્રસઃ ટેપ રેકોર્ડિંગ-વિભાગ**

**શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**

**સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પિન-૩૬૪૨૫૦**

## ઘરે બેઠા પ્રવચન.........

બહારગામ રહેતાં મુમુક્ષુઓને પૂજ્ય શ્રી કાનજીસ્વામીનાં આધ્યાત્મિક પ્રવચનો સાંભળવાનો લાભ ઘરે બેઠા મળે તે માટે છેલ્લા સોળ વર્ષથી સ્વ. નવનીતભાઈ સી. ઝવેરી તરફથી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોની ટેપની નકલ મોકલવામાં આવે છે. ૪૭-શક્તિ, ૪૭-નય, અલિંગગ્રહણ, જયસેનાચાર્યકૃત ટીકા-ગાથા-૩૨૦, અવ્યક્ત, નિયમસાર ગાથા ૩૮, ૫૦ વિગેરે ઉપર હાલમાં થયેલા પૂજ્ય ગુરુદેવશ્રીનાં વિશેષ પ્રવચનો તથા કળશ ટીકા પરના હાલના પ્રવચનોની ટેપની નકલ તૈયાર થઈ રહી છે, જે મુમુક્ષુને ટેપ સાંભળવા જોઈતી હોય તેમણે મંગાવવી.

## આત્મધર્મ માસિક-પત્ર સંબંધી માહિતી

પ્રકાશન સ્થાન-શ્રી. દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ).
પ્રકાશન તારીખ-દરેક માસની પહેલી તારીખ.
પ્રકાશન-શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ.
મુદ્રક- મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ.
સંપાદક- નાગરદાસ બેચરદાસ મોદી, સોનગઢ.
તંત્રી-પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર, ભાવનગર.
રાષ્ટ્રીયતા-ભારતીય.
માલિક-શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ.

-વ્યવસ્થાપક ( -મેનેજર )
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ.

તા. ૧-૫-૭૮




**પ્રશ્નઃ-** આત્માનો મહિમા કેવી રીતે આવે ?


**ઉત્તરઃ-** આત્મા વસ્તુ જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાયક છે તે અનંતગુણનો પિંડ છે, એ આખું પૂર્ણતત્ત્વ ત્રિકાળી અસ્તિરૂપ છે, એનું સ્વરૂપ, એનું સામર્થ્ય અગાધ ને આશ્ચર્યકારી છે, તેને સમજે તો આત્માનો મહિમા મહાત્મ્ય આવે અને રાગનું મહાત્મ્ય છૂટી જાય. આત્મવસ્તુ કેવા અસ્તિત્વવાળી છે, કેવા સામર્થ્યવાળી છે, એનું સ્વરૂપ રુચિ પૂર્વક ખ્યાલમાં લ્યે તો એનું મહાત્મ્ય આવે ને રાગનું ને અલ્પજ્ઞતાનું મહાત્મ્ય છૂટી જાય. એક સમયની કેવળજ્ઞાનની પર્યાય ત્રણકાળ ત્રણલોકને જાણવાના સામર્થ્ય વાળી છે તે પણ ક્ષણે ક્ષણે નવી નવી થાય છે તો તેને ધરનાર ત્રિકાળી દ્રવ્યનું સામર્થ્ય કેટલું ? એમ આત્માના આશ્ચર્યકારી સ્વભાવને ખ્યાલમાં બરાબર લ્યે તો આત્માનો મહિમા આવે.

❀ અહો ! આ મનુષ્યપણામાં આવા પરમાત્મસ્વરૂપનો માર્ગ સેવવો, આદર કરવો એ જીવનની કોઈ ધન્ય પળ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાયક જ છે, એ એને ભાસમાં આવે, ગમે તેવા પ્રસંગમાં પણહું જ્ઞાયક છું.... જ્ઞાયક છું એમ ભાસમાં આવે, જ્ઞાયકનું લક્ષ રહે તો તે તરફ ઢળ્યા જ કરે.

**પ્રશ્નઃ-** આત્મા પામવા માટે આખો દિવસ શું કરવું ?

**ઉત્તરઃ-** આખો દિવસ શાસ્ત્રનો અભ્યાસ કરવો. વિચાર-મનન કરીને તત્ત્વનો નિર્ણય કરવો, અને શરીરાદિથી ને રાગથી ભેદજ્ઞાન કરવાનો અભ્યાસ કરવો. રાગાદિથી ભિન્નતાનો અભ્યાસ કરતાં કરતાં આત્માનો અનુભવ થાય છે.

( અનુંધાન માટે જુઓ પાનું ૪૬ )




## આશ્ચર્યકારી ઔષધઋદ્ધિધારક મુનિઓનું સ્વરૂપ

આત્મવિશુદ્ધિના પ્રભાવથી મુનિશ્વરોને, જગતજીવોને આર્શ્ચય ઉપજાવે તેવી અનેક પ્રકારની ઋદ્ધિઓ સહજ જ ઉત્પન્ન થાય છે. મુનિશ્વરોને પોતાને આ ઋદ્ધિઓથી કંઈ પ્રયોજન હોતું નથી. તેઓ પોતાને પ્રાપ્ત ઋદ્ધિઓથી અત્યંત નિઃસ્પૃહ હોય છે. કેટલીક વખત અમુક પ્રકારની ઋદ્ધિ પોતાને પ્રગટ થઈ છે તેની તેઓને ખબર પણ હોતી નથી. મુનિશ્વરોની આ ઋદ્ધિઓ અનેક પ્રકારે ધર્મપ્રભાવનાનું કારણ થાય છે. ભગવતી આરાધનામાંથી અત્રે આઠ પ્રકારની ઔષધઋદ્ધિ પ્રાપ્ત મુનિશ્વરનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે.

(૧) જેના હાથ પગ આદિ અંગોનું સ્પર્શન એ જ ઔષધિરૂપ થઈને રોગનો નાશ કરે તે આમર્ષ ઔષધિઋદ્ધિધારક મુનિરાજ છે.

(૨) જેના થુંક, લાળ, કફ આદિનો સ્પર્શ થતાં જ રોગીનો રોગ મટીજાય તે ક્ષ્વેલ ઔષધિઋદ્ધિધારક મુનિરાજ છે.

[ અનુસંધાન પેજ ૪૮ ઉપર ]

તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર
વીર સં. ૨૫૦૪, મે ( લવાજમ છ રૂપિયા ) વર્ષ ૩૫ઃ અંક ૬



પ્રકાશકઃ શ્રી દિગંબરજૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) PIN : 364250
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રત : ૩૫૦૦